કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૭ એપ્રિલ, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂ.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

♦અંક નંબર : ૫૦♦વર્ષ : ૩૧ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૧ ♦ચૈત્ર વદ-૩૦♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# પહેલગામ હુમલાના પીડિતોને ન્યાય મળશે : PM

## મન કી બાતના 121માં એપીસોડમાં મોદીનો હુંકાર



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ ભારત સહિત વિશ્વભરના લોકોમાં આક્રોશ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં પહેલગામ હુમલાને યાદ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમને સંબોધિત કર્યું હતું. પોતાના કાર્યક્રમની શરૂઆતમાં જ PM મોદીએ પહેલગામ હુમલાનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે પહેલગામમાં થયેલા હુમલાથી મનમાં ઊંડી પીડા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આપણા દેશના લોકોમાં જે આક્રોશ છે, તે પુરી દુનિયામાં છે. આ જઘન્ય રીતે કરવામાં આવેલા આતંકી હુમલાની બધાએ ટીકા કરી છે. આખુ વિશ્વ આતંકવાદ વિરૂદ્ધની લડાઈમાં ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભુ છે. PM મોદીએ કહ્યું કે હુમલાના પીડિતોને ન્યાય મળશે.

મન કી બાત કાર્યક્રમમાં PM મોદીએ કહ્યું કે, 'હું પહેલગામ હુમલાના પીડિત પરિવારોને વિશ્વાસ અપાવું છું કે તેમને ન્યાય જરૂર મળશે.' PM મોદીએ વધુમાં કહ્યુ કે, આખુ વિશ્વ આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં ૧૪૦ કરોડ ભારતીયો સાથે ઉભુ છે. હું પીડિત પરિવારોને ફરી વિશ્વાસ અપાવું છું કે તેમને ન્યાય જરૂર મળશે. ન્યાય મળીને જ રહેશે. આ હુમલાના દોષિતો અને ષડયંત્ર રચનારાઓને કડક જવાબ આપવામાં આવશે.'

## વૈશ્વિક સ્તરે લોકશાહીનું રાજકારણ મૂળભૂત રીતે બદલાઈ ગયું છે : રાહુલ ગાંધી

(એજન્સી દ્વારા) હૈદરાબાદ : હૈદરાબાદમાં વૈશ્વિક ન્યાય, સમાનતા અને પ્રગતિશીલ સહયોગ પર અર્થપૂર્ણ સંવાદને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત ભારત સમિટ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ સાંસદ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પણ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું હતું કે, વિશ્વભરમાં લોકશાહી રાજકારણ મૂળભૂત રીતે બદલાઈ ગયું છે. દાયકાઓ પહેલાજેનિયમોહતાતેહવેલાગુ પડતા નથી.'ભારત સમિટ ૨૦૨૫'માં સભાને સંબોધતા,




રાહુલ ગાંધીએ કહ્યું કે આજના આક્રમક રાજકીય વાતાવરણમાં વિપક્ષને કચડી નાખવાનો અને મીડિયાને નબળું પાડવાનો ધ્યેય બની ગયો છે. 'ભારત જોડો યાત્રા' દરમિયાનના પોતાના અનુભવોને યાદ કરતાં ગાંધીએ કહ્યું કે તેમને સમજાયું કે નેતાઓ લોકોનો અવાજ સાંભળવામાં નિષ્ફળ ગયા છે.

તેમણે ઉમેર્યું કે, 'લોકશાહી રાજકારણ સમગ્ર વિશ્વમાં મૂળભૂત રીતે બદલાઈ ગયું છે. એક દાયકા પહેલા જે નિયમો હતા તે હવે લાગુ પડતા નથી. જ્યારે હું મારા પક્ષના યુવા સભ્યો સાથે વાત કરું છું, ત્યારે મને લાગે છે કે જે વસ્તુઓ ૧૦ વર્ષ પહેલાં અસરકારક હતી, જે સાધનો ૧૦ વર્ષ પહેલાં અસરકારક હતા, તે હવે અસરકારક નથી.'

જૂના નેતાઓ સમાપ્ત થઈ ગયા છે અને એક નવા પ્રકારના નેતા બનાવવાની જરૂર છે, એમ ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું. ગાંધીએ એ પણ ઉલ્લેખ કર્યો કે તેઓ શુક્રવારે પરિષદને સંબોધવાના હતા, પરંતુ તેમને કાશ્મીર જવું પડ્યું. તેમણે પહેલગામ આતંકવાદી હુમલાના પગલે ભારત સાથે એકતા દર્શાવવા બદલ કાર્યક્રમમાં હાજર પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.


## રાજાએ પ્રજાનું રક્ષણ કરવાની પોતાની ફરજ બજાવવી જ જોઈએ: ભાગવત

નવી દિલ્હી : પહેલગામ હુમલા બાદ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘવડા મોહન ભાગવતે તીખી પ્રતિક્રિયા આપી છે. અહિંસા આપણો ધર્મ છે અને ગુંડાઓને પાઠ ભણાવવો એ પણ આપણો ધર્મ છે. આપણે ક્યારેય આપણા પડોશીઓનું અપમાન કે નુકસાન કરતા નથી, પરંતુ તેમ છતાં જો કોઈ દુષ્ટતાનો આશરો લે તો બીજો વિકલ્પ શું છે? રાજાનું કર્તવ્ય પોતાની પ્રજાનું રક્ષણ કરવાનું છે, રાજાએ પોતાની ફરજ બજાવવી જ જોઈએ.

અહિંસાના સિદ્ધાંતો હિન્દુ ધર્મમાં સહજ છે. આ આપણા મૂલ્યો છે, પરંતુ કેટલાક લોકો તમે ગમે તે કરો તો પણ બદલાશે નહીં. તેઓ દુનિયાને હેરાન કરતા રહેશે તેમ તેમણે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું.

અગાઉ RSS વડા મોહન ભાગવતે કહ્યું હતું કે હિન્દુઓ ક્યારેય કોઈને ધર્મ વિશે પૂછીને મારતા નથી. આ લડાઈ ધર્મ અને અધર્મ વચ્ચે છે. તેમણે કહ્યું હતું કે, રાવણને પણ સુધારાની તક આપવામાં આવી હતી, પરંતુ જ્યારે તેણે પરિવર્તનનો ઈનકાર કર્યો, ત્યારે રામે તેનો અંત કરી દીધો. આ સાથે ભાગવતે

આગળ કહ્યું કે આપણે ઘટનાથી દુઃખી અને ગુસ્સે છીએ પરંતુ આ દુષ્ટતાનો અંત લાવવા માટે તાકાત બતાવવી પડશે. ભાગવતે સમાજમાં એકતા પર પણ ભાર મૂકતા કહ્યું હતું કે, જો સમાજ એક રહેશે તો કોઈ દુશ્મન આપણને નુકસાન પહોંચાડી શકશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે જો કોઈ ખરાબ ઈરાદાથી અમારી તરફ જોશે તો તેની આંખ કાઢી નાખવામાં આવશે.



ભાગવતે ઉમેર્યું હતું કે, હિંસા આપણા સ્વભાવમાં નથી, પરંતુ તેને ચૂપચાપ સહન કરવું પણ યોગ્ય નથી. અહિંસક વ્યક્તિએ મજબૂત પણ હોવું જોઈએ. જો તાકાત હોય અને તેની જરૂર હોય તો તે પણ બતાવવી જોઈએ.

## ઇઝરાયેલમાં નેતન્યાહૂ સામે ગુસ્સો ચરમસીમાએ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઈઝરાયેલમાં નેતન્યાહુ વિરુદ્ધ લોકોનો ગુસ્સો ચરમસીમાએ પહોંચી ગયો છે. તેલ અવીવમાં શનિવારે રાત્રે ઉગ્ર વિરોધ પ્રદર્શન થયું, જેમાં લોકોએ નેતન્યાહુના ચહેરાવાળા માસ્ક સાથે 'લોહીથી ખરડાયેલા કપાયેલા માથા' જેવા પ્રતીકો રસ્તા પર મૂક્યા હતા. આ પ્રદર્શને દેશભરમાં હલચલ મચાવી દીધી છે. નેતન્યાહુએ આને 'અશોભનીય' અને 'રાજકીય હત્યાનું ષડયંત્ર' ગણાવ્યું છે.તેલ અવીવમાં એક વ્યક્તિ નકલી લોહીથી ખરડાયેલા પટ્ટાઓ સાથે રસ્તા પર પડેલો જોવા મળ્યો, જેની આસપાસ નેતન્યાહુના માસ્ક મૂકવામાં આવ્યા હતા, જેના પર "ગુનાહિત" અને "ખતરો" જેવા શબ્દો લખેલા હતા. આ દૃશ્યએ રાજકીય વાતાવરણને વધુ તંગ બનાવ્યું.નેતન્યાહુએ આ પ્રદર્શનને "હત્યા માટે સીધી ઉશ્કેરણી" ગણાવીને કહ્યું, "આ પ્રદર્શન

અનુસંધાન પાના નં.૪ પર

## ગોંડલમાં પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાની કાર પર હુમલો : ગણેશ ગોંડલના સમર્થકોએ મચાવ્યો હોબાળો

(એજન્સી દ્વારા)

ગોંડલ: ગોંડલમાં પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા અને ભાજપના ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ વચ્ચેનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. ગોડલમાં અલ્પેશ કથીરિયાની કાર પર ગણેશ ગોંડલના સમર્થકોએ હુમલો કર્યો હતો. કારના કાચ પણ ફોડી નાખ્યા હતા.

ગોંડલમાં ફરી એક વાર બે જુથો એકબીજાને હાકલા



પડકારા કરતા સામસામે આવી ગયા છે.

સુલતાનપુરમાં ગણેશ જાડેજાએ પાટીદાર નેતાઓને પડકાર ફેંકતા તેના જવાબમાં જયરાજસિંહના ગઢ ગણાતા ગોંડલમાં અલ્પેશ કથીરીયાએ રવિવાર તા. ૨૭ના આવી રહ્યા છે. આની જાણ તેણે ફેસબૂક પર અમે ગોંડલ આવી રહ્યા છીએ તેવી પોસ્ટ મુકીને કરી હતી.

જીજ્ઞાસા પટેલ સહિત પાટીદાર અગ્રણીઓ પણ આવી રહ્યા છે ત્યારે ગણેશ જાડેજાના સમર્થકો વિરોધ પ્રદર્શન કરે તેવી શક્યતા ધ્યાને લઈને તંગદિલીને ટાળવા ચૂસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

## દેવેન્દ્ર ફડણવીસ ૨૦34 સુધી મુખ્ય પ્રધાન રહેશેઃ ચંદ્રશેખર બાવનકુળે

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : મહાયુતિની સરકારમાં સાથે હોવા છતાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેના વચ્ચે બધું સમુંસૂતરું નથી. પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ફસાયેલા રાજ્યના ટૂરિસ્ટોને મદદ કરવા અને પાછા લાવવા માટે બન્ને પક્ષમાં શ્રેયવાદ ચાલી રહ્યો હોવાનું કહેવાય છે ત્યારે મ્નના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ ગઈ કાલે કહ્યું હતું કે 'વિકસિત મહારાષ્ટ્ર દેવેન્દ્ર ફડણવીસનું સપનું છે.

દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાનપદ પર રહેશે તો જ વિકસિત મહારાષ્ટ્રનો તેમનો સંકલ્પ પૂરો થઈ શકે છે. તેમના નેતૃત્વમાં આપણે આગળ જવાનું છે. તેઓ ૨૦૩૪ સુધી મુખ્ય પ્રધાન રહેશે.'આ બાબતમાં એકનાથ શિંદેને પૂછવામાં આવતાં તેમણે માત્ર હાથ જોડીને નમસ્કાર કરીને પોતાની શુભેચ્છા હોવાનું કહ્યું હતું. જોકે શિવસેનાના વરિષ્ઠ નેતા રામદાસ કદમે કહ્યું હતું કે '૨૦૩૪ શું કામ, દેવેન્દ્ર ફડણવીસને ૨૦૮૦ સુધી મુખ્ય પ્રધાન રહેવા દો. BJP અને શિવસેના વચ્ચે કોઈ ઝઘડો લગાવવાનો પ્રયાસ કરશે તો એમાં તે સફળ નહીં થાય.'

## ઓખા-દ્વારકા દરયાઈ સીમા દુશ્મન દેશથી નજીક હોવાથી ખાસ એલર્ટમોડ પર : રેન્જ આઈજીશ્રી અશોકકુમાર યાદવ

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : પહેલ ગામમાં થયેલ આંતકવાદી હુમલા બાદ દેશભરની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ છે અને ખાસ દરીયાઈ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. ત્યારે રાજકોટ રેન્જમાં આવતાં દેવભુમી દ્વારીકા જામનગર અને મોરબી દરીયાઈ વિસ્તારમાં એલર્ટ જાહેર કરી પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથે ધરવામાં આવ્યું છે.જે મામલે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું કે જમ્મુકાશ્મીર પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને દરીયાઈ વિસ્તારમાં અલગ-અલગ ટીમો લગાડી સઘન પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે.

જેમાં રાજકોટ રેન્જમાં આવતાં દેવભૂમિ દ્વારીકા જામનગર, અને મોરબી જીલ્લામાં આવતાં દરીયાઈ વિસ્તારોમાં એસઓજી એલસીબી અને સ્થાનિક પોલીસોને એલર્ટ કરી સુરક્ષા વધારો કરવામાં આવ્યો છે. તેમજ પેટ્રોલીંગની સાથે સઘન વાહન ચેકીંગ પણ કરવામાં આવી રહ્યું છે.

ઉપરાંત ખાસ દ્વારીકાની સુરક્ષા રીવ્યું કરવામાં આવી છે. તેમજ દરીયાઈ ટાપુ પર એસઓજીની ટીમ દ્વારા ડ્રોન મારફતે ખાસ તપાસ કરવામાં આવી રહી છે.લેન્ડીંગ પોઈન્ટ પર સ્થાનીક પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી છે. ઉપરાંત રેન્જ આઈજીએ જણાવ્યું હતું કે ઓખા-દ્વારીકા દરીયાઈ સરહદ દુશ્મન દેશ




પાકીસ્તાનની નજીક હોવાથી ખાસ એલર્ટ આપી સઘન તપાસ કરવામાં આવી રહી છે.

## સરહદે તણાવ વધતાં ગામવાસીઓએ બંકરની સફાઈ શરૂ કરી

### પાક. સરહદે કંઈક મોટું થવાની આશંકાથી નાગરિકો એલર્ટ મોડમાં

(એજન્સી દ્વારા) જમ્મુ: પહેલગામના નૃશંસ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સતત વધી રહેલાં તણાવનો ભોગ સરહદી વિસ્તારની આસપાસ રહેલા નાગરિકો બની રહ્યાં છે. ૨૭ નિર્દોષોનો ભોગ લેનારા હુમલાં બાદ સરહદ પર કંઈક મોટું થવાના ડરને પગલે જમ્મુમાં આંતરરાષ્ટ્રીયસરહદ અને લાઈન ઓફ કંટ્રોલ(એલઓસી)ની નજીક રહેતાં સ્થાનિકોએ અંડરગ્રાઉન્ડ બંકર્સની સાફ-સફાઈ કરવાની સાથે સાથે જ પોતાના ખેતરમાંથી પાકની લણણી કરવાની અને તારની વાડો બનાવવાની શરૂઆત કરી દીધી છે.પાકિસ્તાનના સૈન્ય દ્વારા વારેઘડીએ કરવામાં આવતા ફાયરિંગ અને યુદ્ધવિરામના ભંગને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ખાસ કરીને કેન્દ્રની મોદી સરકાર દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોમાં સરહદની નજીક રહેતાં ગામવાસીઓ માટે મોટાપાયે બંકર્સનું નિર્માણ કરાવાયું છે. આર.એસ.પુરા સેક્ટરના ત્રેવા ગામના ભૂતપૂર્વ સરપંચ બલબીર કૌરના જણાવ્યાં અનુસાર, હવે શું થશે તે કોને ખબર. સરહદ પારથી પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવતા તોપમારાથી બચવા માટે અમે બંકરોની સફાઈ શરૂ કરી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૩,૩૨૩ કિ.મી. લાંબી સરહદ છે, જેમાંથી ૨૨૧ કિ.મી. આંતરરરાષ્ટ્રીય સરહદ અને ૭૪૪ કિ.મી.ની લાઈન ઓફ કંટ્રોલ જમ્મુ-કાશ્મીરમાં છે. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ભારત અને પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર સરહદે નવો યુદ્ધવિરામ લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો.

### તિકડમ !
– દેવેન વ્યાસ




## પહેલગામની ઘટના બાદ જૈન સમાજના વિવિધ સંઘોના વર્ષીતપના વરઘોડા - ભોજન સમારંભ રદ

મુંબઈ: મુંબઈના જૈન સમાજ દ્વારા પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે અને તેમના અન્ય કાર્યક્રમો પણ સાદાઈથી કરવામાં આવી રહ્યા છે. વરઘોડા અને જમણવાર રદ કરવામાં આવી રહ્યા છે.શ્રી બાબુ અમીચંદ પનાલાલ જિનાલય-વાલકેશ્વરે પરમ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રીમદ વિજયકુલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબની પાવન નિશ્રામાં આયોજિત વર્ષીતપ પારણોત્સવના ત્રણ દિવસના કાર્યક્રમમાં વરઘોડો અને જમણવાર (સ્વામીવાત્સલ્ય) આદિ તમામ જાહેર આયોજનો રદ કર્યા છે.એ આખો કાર્યક્રમ સાદાઈથી અને મર્યાદાસભર કરવાનું નક્કી કર્યું છે. શ્રી બાબુ અમીચંદ પનાલાલ ટેમ્પલ ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સર્વે જૈનોને આ સંદર્ભે નમ્ર વિનંતી કરતાં કહ્યું છે કે રાષ્ટ્ર બચશે તો જ ધર્મ બચશે.એ જ રીતે ચેમ્બુરના શ્રી ઋષભદેવજી જૈન દેરાસર અને સાધારણ ખાતા ટ્રસ્ટે રાષ્ટ્રના દુઃખમાં સહભાગી થઈને ૧૩૦ વર્ષીતપના આરાધકોનો રથયાત્રા અને જમણવારનો કાર્યક્રમ રદ કર્યો છે. ૧૩૦ આરાધકોની સામૂહિક વર્ષીતપની આરાધના હવે પૂરી થવામાં છે ત્યારે મંગળવારે તેમની ભવ્ય રથયાત્રા અને જમણવારનું આયોજન કર્યું હતું. એમાં ૪૫ બગી, ૪ ઋષભદેવના રથ અને ૪ બૅન્ડ ભાગ લેવાનાં હતાં.

૫૦૦૦ જેટલા ભાવિકો એમાં જોડાવાના હતા. પહલગામની ઘટનાને લઈને રાષ્ટ્રમાં હાલ જ્યારે દુઃખદ બનાવ બન્યો છે ત્યારે રથયાત્રા અને જમણવારનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યા છે, જ્યારે પરમાત્માની ભક્તિનું આયોજન સાદાઈથી ચાલુ રહેશે એમ ટ્રસ્ટે જણાવ્યું છે.

## રશિયા સામે 'અલગ રીતે' વ્યવહાર કરવાની ટ્રમ્પની ધમકી

### લાગે છે કે પુતિન યુદ્ધ રોકવા નથી માગતા, તેઓ ફક્ત મારી સાથે ડોળ કરી રહ્યા છેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન : યુક્રેન પર તાજેતરના હવાઈ હુમલાઓ પછી રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન પ્રત્યે રોષ વ્યક્ત કરીને અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે મોસ્કો સામે અલગ રીતે વ્યવહાર કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે બેક્કિંગ અને બીજા પ્રતિબંધોનો ઉપયોગ કરવાની પણ ચીમકી આપી હતી.

અગાઉ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાની ચાવી તરીકે તેમના રશિયન સમકક્ષ સાથેના અંગત સંબંધોનો ઉપયોગ કરવાની બડાઈ હાંકી હતી, જોકે હવે તેમણે જણાવ્યું હતું કે મને લાગે છે કે પુતિન મારી સાથે ઢોંગ કરી રહ્યાં છે. ટ્રુથ સોશિયલમાં એક પોસ્ટમાં યુક્રેન પર બોમ્બમારો બંધ કરવા હાકલ કર્યાના થોડા દિવસો પછી ટ્રમ્પે પુતિનની આ ટીકા કરી હતી.કીવ પર તાજેતરના હવાઈ હુમલાનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાંક દિવસોમાં પુતિને નાગરિક વિસ્તારો, ગામો અને શહેરોમાં મિસાઈલો છોડ્યા છે.

મને લાગે છે કે કદાચ તેઓ યુદ્ધ રોકવા માંગતા નથી, તેઓ ફક્ત મને મારી સાથે યુદ્ધવિરામનો ડોળ કરી રહ્યાં છે. તેમની સાથે બેક્કિંગ અને સેકન્ડરી પ્રતિબંધો દ્વારા અલગ રીતે વ્યવહાર કરવો પડશે. ઘણા બધા લોકો મરી રહ્યા છે.વેટિકનમાં પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર પહેલા યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકી સાથેની મુલાકાતના થોડા સમય પછી ટ્રમ્પે સોશિયલ મીડિયામાં આ પોસ્ટ મૂકી હતી. ઝેલેન્સ્કી-ટ્રમ્પની મુલાકાતને વ્હાઇટ હાઉસે ખૂબ ફળદ્રુપ ગણાવી હતી.

## પાંચ વર્ષ પછી ફરીથી કૈલાસ માનસરોવર યાત્રા શરૂ થશે

નવી દિલ્હી : કૈલાસ માનસરોવર યાત્રા કરનારાઓ માટે આનંદના સમાચાર છે. ભારત અને ચીન વચ્ચે સમજૂતી સધાતાં આ યાત્રા પાંચ વર્ષ પછી શરૂ થશે. આ યાત્રા ૩૦મી જૂનથી ૨૫મી ઓગષ્ટની વચ્ચે યોજાશે.વિદેશ મંત્રાલયે શનિવારે અરજી પ્રક્રિયા માટેની વેબસાઈટ ખોલી દીધી છે. તીર્થયાત્રીઓ https://kmy.gov.in પર અરજી કરી શકશે. આ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૩મી મે, ૨૦૨૫ સુધીની છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**તંત્રી સ્થાનેથી....**

**ચૈત્ર વદ-૩૦, તા.૨૭ એપ્રિલ, રવિવાર**

# શિક્ષણ કે શોષણ ?

**સૌ ભણે-સૌ આગળ આવેનું સુત્ર આવી સ્થિતીમાં કયાથી થશે સફળ? મોડેલ સ્કુલના દાવાઓ કરાયા પરંતુ શિક્ષણના ખાનગીકરણને જ મોટાપાયે પ્રોત્સાહન મળી જતુ હોય તેવુ નથી લાગતુ?**

**શાળાઓ અલગ-અલગ ચોક્કસ પ્રકાશનોના ચોક્કસ સ્ટેશનરીઓ પાસેથી જ બુકસ ખરીદી શા માટે ફરજીયાત કરે છે? શું આખેઆખુ તંત્ર જ વેપારી બની ગયુ છે?**

આજના સમયમાં મોંઘવારી એટલી વધી ગઈ છે કે કોઈ મોટી ખરીદી કરતા પહેલા દસ વાર વિચારવું પડે છે. ખાસ કરીને બાળકોના શિક્ષણ સાથે જોડાયેલી વસ્તુઓમાં હવે લોકોનું દિલ ધબકે છે. સૌથી વધુ ભારણ એકના એક નવા અને મોંઘી થતી સ્કૂલ બુકસ પર છે, જેને લઈને વાલીઓની હાલત કફોડી બની ગઈ છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં એક વ્યક્તિ ખાનગી શાળાઓના મોંઘા પુસ્તકો પર કટાક્ષ કરે છે. તે કહી રહ્યો છે કે પાંચમા ધોરણના માત્ર એક સેટ બુકસ માટે ૫૦૦૦થી ૬૦૦૦ રૂપિયા લેવાય છે. ન તો એ બુકસમાં સોનાની છાપ છે, ન તો કોઈ જાદુ છે કે બાળક છાપે અને બધા પાઠ ભળી જાય! આમ છતાં, આટલો ખર્ચ?!આ વ્યક્તિ સવાલ કરે છે કે જો નવી શિક્ષણ નીતિ 'એક દેશ, એક અભ્યાસક્રમ'ની વાત કરે છે, તો શાળાઓ અલગ-અલગ પ્રકાશનના અને મોંઘા બુકસ શા માટે ફરજિયાત કરે છે? શું આ આખું તંત્ર વેપાર બની ગયું છે?વડિયોમાં તેની વેદના ભરેલો ટૂકો સંદેશ છે - "તમે લૂંટી રહ્યા છો સાહેબ!" વાલીઓએ પણ સમર્થન આપ્યું છે. કોઈએ લખ્યું કે પુસ્તકોના ભાવે એવું લાગે છે કે અમારા બાળકો હિરસાની બોરી લઈને શાળાએ જાય છે.આ વિડિઓએ વાસ્તવમાં સમાજના મધ્યમ વર્ગના વર્તમાન દુ:ખદ યથાર્થને ઊજાગર કર્યો છે. સાચે, આજે શિક્ષણ મળવું કરતાં પણ એ માટે પૈસા ભેગા કરવો વધુ મુશ્કેલ બની ગયું છે.જો આવી સ્થિતી હોય તો પછી સૌ ભણે સૌ આગળ આવેનું સરકારનુ સુત્ર કયાંથી સાર્થક થવાનુ છે?

# ગાંધીધામમાં એસઆરસી દ્વારા ૬૧ લીઝ ધારકોને નોટીસ અપાતા વિરોધ




**ચેમ્બરની હાજરીમાં મળેલી મિટીંગમાં વેપારીઓએ આક્રોશ વ્યક્ત કરી લોકોને ધ્યાનમાં રાખી નિર્ણય લેવા માંગ કરી**



ભુજ : ગાંધીધામ - આદિપુર શહેરો આજે પ્રગતિના માર્ગે દોડતા, દેશના મહત્વ પૂર્ણ પોર્ટ-ઉધોગ વિસ્તાર તરીકે વિકસી રહ્યો છે. નગર રચનાના મૂળ પ્લાનમાં વ્યાવસાયિક વિસ્તારની પૂરતી જોગવાઇ ન હોવાને કારણે આજે વિકાસની તેજ ગતિ વચ્ચે જૂની નીતિઓ શહેરના વેપારીઓ અને ઉધોગકારો માટે પારાવાર મુશ્કેલી ઊભી થઈ રહી છે. ગાંધીધામ મહાનગરપાલિકાનું સ્થાપન પણ વિસ્તરણશીલ વસતી અને પોર્ટ-શિપિંગ આધારિત ઉધોગોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કરવામાં આવ્યું છે, પરંતુ શહેરની લીઝ ધરાવતી જમીન રાજ્ય સરકારના હસ્તક ન હોવાને કારણે શહેરના વિકાસકામો અટવાઈ રહ્યા છે. આવી પરિસ્થિતિ વચ્ચે તાજેતરમાં સિંધુ રી-સેટલમેન્ટ કોર્પોરેશન (એસઆરસી) દ્વારા રહેણાંક પ્લોટોમાં વ્યાવસાયિક બાંધકામના કારણે ૬૧ પ્લોટની લીઝ રદ કરવાની અને ૨૦૦થી વધુ પ્લોટ ધારકોને નોટિસ ફટકારવાની કાર્યવાહીથી શહેરમાં ઉહાપોહ ફાટી નીકળ્યો છે.

પ્રમુખ મહેશ પુજે જણાવ્યું હતું કે, દેશના સૌથી મોટા પોર્ટ કંડલા, ડી.પી. વર્લ્ડ આધારિત આકાર લઇ રહેલ કન્ટેનર પોર્ટ તુણા અને બાજુમાં જ સ્થાપિત અદાણી પોર્ટ મુંદરાને કારણે અત્યારે ગાંધીધામ - આદિપુર જોડિયા નગરો, મુંબઈની જેમ આગળ વધી રહેલા ઔધોગિક વિકાસનો સજીવ પુરાવો છે. શહેર માટે વિસ્તૃત અને વ્યવહારૂ વિઝન જરૂરી છે. એકાએક લીઝ રદ કરી દઈને દાયકાઓથી ચાલતા વ્યવસાયોને ખતમ કરવાનો પ્રયાસ અત્યંત ગંભીર અને અસ્વીકાર્ય છે.

માનદમંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, એકતરફ સરકાર 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપે છે અને બીજીતરફ અહીં ચાલતા વ્યવસાયો ઓથીરીટી દ્વારા આઘાત થઈ રહેલ છે. જમીનના હસ્તાંતરણ વિના નગરના વિકાસ માટે જરૂરી સિસ્ટમ ઊભી રહી શકે નહીં અમે માંગણી કરીએ છીએ કે, તાત્કાલિક તમામ લીઝ ધારિત જમીન રાજ્ય સરકાર હસ્તક લઈ, વ્યવસ્થિત પ્લાનિંગ દ્વારા ટાગોર રોડ, રામબાગ રોડ, એરપોર્ટ રોડ, ભારતનગર રોડ સહિત શહેરના તમામ વિસ્તારોને કોમર્શિયલ ઝોનમાં રૂપાંતરિત કરવામાં આવે.

લેન્ડ કમિટીના ચેરમેન તેમજ ઉપસ્થિત ઉધોગકારોએ પણ એકસૂર અને સહમતિથી જણાવ્યું હતું કે આઝાદી પછી વસવાટ કરતી પ્રજાએ શહેરને પોતાના પરિશ્રમથી વિકસાવ્યું છે. ત્યારે ઘરના વ્યવસાયોને ખાલી કરાવવાનો નિર્ણય અમોને સરળતાથી સ્વીકાર્ય નથી. અમે યોગ્ય પ્રક્રિયા દ્વારા ન્યાય માંગીએ છીએ. લીઝ ધારકોની ઉમેરાયું હતું કે પૂર્વે જી.ડી.એ. દ્વારા અમુક પ્લોટ્સમાં હેતુફેર કરી વ્યવસાયિક ઉપયોગ મંજૂર કરાયો હતો, ત્યારે હવે રહેણાંક પ્લોટમાં દાયકાઓથી ચાલતા વ્યવસાયો સામે કડક પગલાં લેવાં અસંગત છે. વર્ષોથી સ્થપાયેલ દુકાનો, હોસ્પિટલો, વ્યાવસાયિક સેન્ટરો, અન્ય વ્યવસાયિક એકમોને એક ઝાટકે ખાલી કરાવવાનો પ્રયાસ માત્ર વ્યાપારને નહીં પરંતુ સ્થાનિક આર્થિક પ્રવાહને પણ ગંભીર નુકસાન પહોંચાડશે.

પૂર્વ પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે, કમિટીના સર્વે હોદ્દેદારો, સભ્યો, અસરગ્રસ્ત વ્યવસાયકારોની રજુઆતમાં નિર્ણય લેવાયો હતો કે, આગામી પંદર દિવસની અંદર તેમજ એસઆરસી અને ડીપીએ ઓથોરીટીનો સમય માંગી તેમની સમક્ષ આ અંગે પ્રતિનિધિમંડળ સાથે આવેદનપત્ર રજૂ કરાશે અને જો યોગ્ય ઉકેલ લેવામાં નહીં આવે તો વ્યાપક અવાજ ઉઠાવવામાં આવશે. લીઝ ધરાવતા તમામ હોલ્ડર્સ માટે લીગલ એડવાઇસ મેળવવામાં આવશે અને દરેકનો સંપૂર્ણ સહકાર લઈને એક સબળ પ્રતિનિધિમંડળ રચી એસઆરસી, ડીપીએ, જીડીએ તેમજ એમએલએ, એમપી અને અન્ય સંબંધિત જન પ્રતિનિધિઓ સમક્ષ પણ આ મુદ્દે ઉકેલ માટે રજૂઆત કરવામાં આવશે.

બેઠકમાં ખજાનચી નરેન્દ્ર રામાણી, રાજૂ ચંદનાની, કમલેશ પારિયાણી, ઉમેશ ઠક્કર, પૂર્વ પ્રમુખ પારસમાલ ન્હાટા, કારોબારી સભ્યો હરીશ માહેશ્વરી, કૈલાશ ગોર, બળવંત ઠક્કર, લક્ષ્મણભાઈ આહીર, ડો. વી.આર. રૈયાણી, ભારતનગર વ્યાપારી એસોસીએશનના સુનિલ પારિયાણી, ઓમ નાવાણી, ડો. જોશી, હેમંતભાઈ, એન્જિનિયર ભટીજા, ધર્મેશ દોશી, મહેશ આહુજા, ચેતનાની, ડો. ચંદ્રકાંત ઠક્કર, જ્ઞાન કાંજાણી, પ્રશાંત કેલા, રોમેશ ચતુરાની, નૈષધ ઠક્કર, ડો. દર્શક મહેતાએ સૂચનો રજૂ કર્યા હતા. આભારવિધિ વીજુભાઈએ કર્યું હતું.

# મુંદરામાં આધાર-પુરાવા વગરની ૩૮૫૦ કિલો ખાંડ પકડાઈ



**અલગ અલગ ટ્રકના ડ્રાઈવરો પાસેથી ખાંડ મેળવી હોવાની કબુલાત**

ભુજ : મુંદરા પોર્ટથી મોટી સંખ્યામાં માલ એકસપોર્ટ થાય છે અહીં અલગ અલગ વેરહાઉસ પણ આવેલા છે. ત્યારે અલગ અલગ ટ્રકોના ડ્રાઈવરોને ફોડી લઈ ખાંડ ભેગી કરવામાં આવી હતી. કુલ ૩૮૫૦ કિલો ખાંડ સાથે અંજારના યુવકને ઝડપી લેવાયો હતો. એલસીબીએ તપાસના આધારે અંજારના સ્વામિનારાયણ નગરમાં રહેતા સંદીપગર મહેન્દ્રગર ગુંસાઈને ઝડપી લીધો હતો. જેની પાસેથી ૫૦ કિલોની ૬૭ બોરી અને ૨૫ કિલોની ૨૦ બોરી મળી કુલ્લ ૩૮૫૦ કિલો ખાંડ કિંમત રૂ. ૧.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આધાર પુરાવા મળી આવ્યા ન હતા. અલગ અલગ ટ્રકના ડ્રાઈવરો પાસેથી ખાંડની બોરી લીધી હોવાની કબુલાત આપી હતી. મુદ્દામાલ મુંદરા પોલીસને સોંપી દેવાયો છે.

# રસલિયાની વાડીમાંથી ભેંસ ચોરનારો પકડાયો




નખત્રાણા : તાલુકાના રસલિયા વાડી વિસ્તારમાં ભેંસની ચોરી કરનારા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. નખત્રાણા પોલીસ મથકેથી મળેલી વિગતો મુજબ ફરિયાદી ક્રિષ્નાકુમાર ખીમજીભાઈ લિંબાણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની વાડીમાંથી એક ભેંસ અને એક પાડીની ચોરી થઈ હતી. જે બનાવમાં નખત્રાણા પોલીસે બાતમીના આધારે બોલેરો ગાડી અટકાવી ભેંસ અને પાડીને શોધી લીધા હતા. આ સાથે લુણાના અમીરખાન મીરખાન જતની ધરપકડ કરાઈ હતી. જ્યારે નવા રસલિયાના અલ્તાફ સાલેમામદ લુહાર, ખોંભડીના પ્રદીપસિંહ ખુમાનસિંહ સોઢા અને જડોદર વાંઢના અલ્લાઝુડિયા જતની સંડોવણી ખુલવામાં પામી છે.

# ૧૫૦ કરોડના બોગસ બીલીંગ કૌભાંડમાં કચ્છમાંથી ૩ શખ્સો દબોચાયા

**જામનગર એસઓજી ટીમનો સપાટો : બોગસ દસ્તાવેજોના આધારે કરોડોના કૌભાંડ તથા બોગસ હથિયાર લાયસન્સ કેસમાં થશે વધુ ખુલાસા : ઝડપાયેલા શખ્સો પાસેથી ૧૫ લાખની રોકડ કરાઈ રીકવર**



ગાંધીધામ : ભારત સરકાર સાથે ૧૫૦ કરોડની છેતરપીંડી - બોગસ દસ્તાવેજ તથા બોગસ હથિયાર લાઈસન્સના ગુન્હામાં ૩ ફરાર આરોપીઓને એસઓજીની ઝપટે ચડયા છે. આ ત્રણેય શખ્સોને કચ્છમાંથી દબોચી લેવામાં આવ્યા છે. ભારત સરકાર સાથે દોઢસો કરોડની છેતરપીંડી-બોગસ દસ્તાવેજ બનાવનાર તથા બોગસ હથીયાર લાઈસન્સના ગુન્હાના ૩ ફરાર આરોપીઓને જામનગરની એસ.ઓ.જી.એ વોચ ગોઠવી કચ્છમાંથી પકડી પાડ્યા છે, અને તેઓને જામનગર લઈ આવ્યા બાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધા છે

જામનગર સીટી સી ડીવી. પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ-૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૧(૧), ૩૪૧(૨), ૩૪૧(૩), ૩૪૧(૪), ૬૧ મુજબ તથા સુરત શહેર ડી.સી.બી. ક્રાઈમ પો.સ્ટે.ના બી.એન.એસ. કલમ-૩૩૬(૨), ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૧, ૫૪ તથા આર્મસ એકટ કલમ-૨૫(૧-બી)(એ), ૨૭, ૨૯, ૩૦ મુજબના ગુન્હાના આરોપીઓ સત્યજીતસિંહ યોગેન્દ્રસિંહ જાડેજા, મયુરસિંહ ભરતસિંહ સોઢા તથા વનરાજસિંહ પ્રવિણસિંહ વાળા વિરૂધ્ધમા ઉપરોકત મુજબના ગુન્હોઓ દાખલ થયેલા છે. જેમાં આરોપીઓએ ફરીયાદી તથા કાયદાથી સ્થાપીત ભારત સરકાર સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગંભીર ગુન્હો આચરેલ હોય અને આરોપીઓ ગુન્હો કરી નાશી ગયા હતા.જે ગુન્હાની ગંભીરતાના ધ્યાને લઈ ગુન્હાની સચોટ તપાસ કરવા સારૂ જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ એક એસ.આઈ.ટી. ટીમની રચના કરેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા ચક્રો ગતીમાન કરાયા હતા. જે આરોપીઓ વિરૂધ્ધમા એસ. આઈ.ટી. ની ટીમના મુખ્ય તપાસ અધીકારી આર.ડી.ગોહીલ દ્વારા તપાસ હાથ ધરતા આ આરોપીઓની પેઢીઓની તપાસ કરતા બોગસ સ્ટેમ્પ તથા નોટરી કરાર તથા ડમી સીમ કાર્ડ તથા બોગસ પેઢીઓના નામે બોગસ બીલીંગ કરેલનું ખુલવા પામ્યું હતું. જેથી ઉપરોકત ત્રણેય ફરારી આરોપીઓને પકડી પાડવા એસ.ઓ.જી. શાખાના પી.આઈ. બી.એન.ચૌધરીની સુચનાથી એસ.ઓ.જી. ટીમ કાર્યરત હતી, અને ઉપરોક્ત ફરાર આરોપીઓને કચ્છ આડેસર ચેક પોસ્ટ ખાતેથી એસ.ઓ.જી.ની ટીમ દ્વારા પકડી પાડી આરોપીઓ પાસેથી કુલ રૂપીયા ૧૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી કરવા આરોપીઓ તથા મુદ્દામાલ જામનગર સીટી સી ડીવી. પોલીસ મથક ખાતે સોંપી દેવાયા છે.

# નિરમા કંપનીની નુવોકા વિસ્ટાર્સ સિમેન્ટ કંપની વિરુદ્ધ થુમડી-અકરી વિસ્તારના ગ્રામજનોનો હલ્લાબોલ

ભુજ : અબડાસા તાલુકાના થુમડી, અકરી, નાની બેર સહિતના ગ્રામજનો એક જ અવાજે ઊઠી તંત્ર સમક્ષ લેખિતમાં રજુઆત કરી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વદરાજ સિમેન્ટ થુમડી જે હાલ નુવોકો વિસ્ટાર્સ (નિરમા ગ્રુપ) દ્વારા ખરીદાયેલી કંપની છે, ત્યાં પર્યાવરણીય નિયમોની ખુલ્લેઆમ અવગણના થઈ રહી છે. લીલીઝાડી, લીમડો અને દેશી બાવળ જેવા વનસ્પતિઓનો પ્લાન્ટ વિસ્તારમાં કટીંગ કરવામાં આવી રહ્યો છે અને કંપની દ્વારા કોઈપણ પ્રકારની ફાયર સેફ્ટી ના ઉપાય રાખવામાં આવતા નથી. ઉપરાંત વર્ષ ૨૦૧૮થી બંધ રહેલી કંપનીની બિલ્ડીંગ તથા પ્લાન્ટ હાલ જર્જરીત હાલતમાં છે, છતાં ત્યાં કામદારો પાસે સુરક્ષા સાધનો જેમ કે હેલ્મેટ કે અન્ય સલામતી સાધનો આપવામાં આવતા નથી. હાલતમાં કોઈ અકસ્માત થાય તો કંપની પાસે તાત્કાલિક ડોકટરી કે એમ્બ્યુલન્સ જેવી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી.

થુમડી-અકરી વિસ્તારમાંથી પસાર થતો પીડબલ્યડી હસ્તકનો જાહેર રોડ કંપની દ્વારા બંધ કરી દેવાયો છે, જેના કારણે ગ્રામજનોને અનાવશ્યક કિલોમીટરો ફરવાં પડે છે. આ મામલે ત્વરિત ધ્યાન આપી રોડ ખુલ્લો કરાવવાની પણ માંગણી થઈ છે. ગ્રામજનો દ્વારા મામલતદાર કચેરી, ફોરેસ્ટ વિભાગ અને એસડીએમ કચેરીમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે અને તંત્ર પાસેથી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.


# ભીરંડિયારાથી દિનારા વચ્ચે મહિનામાં ૨.૫૩ લાખનું પાણી ચોરાયું

**હોટલ, મકાન, સર્વિસ સ્ટેશન સહિતના સંચાલકો સામે ગુનો નોંધાયો**

ભુજ : તાજેતરમાં વેકરિયાના રણથી રૂદ્રમાતા સુધીના વિસ્તારમાં આવેલી હાઈવે હોટલો, કારખાના તેમજ ગેરેજોના સંચાલકો સામે ગેરકાયદે રીતે પાણી ચોરવાની ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ આગળ જતા ભીરંડિયારાથી દિનારા સુધી આવેલ વિસ્તારમાં પાણી ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી કોન્ટ્રાક્ટર દેવાયતભાઈ નારાણભાઈ પીઠિયાના જણાવ્યા પ્રમાણે ભીરંડિયારાથી દિનારા વચ્ચે પસાર થતી બન્ની જુથ પાણી પુરવઠા યોજનાની નર્મદાની પાઈપલાઈનમાં કાણું પાડી ગેરકાયદે કનેકશન લઈ મહિનામાં કુલ ૨,૫૩,૩૭૫ રૂપિયાના પાણીની ચોરી કરવામાં આવી હતી. જે અંગે ભીરંડિયારા ખાતે સીસી બ્લોક કારખાનુ, હોટલ મદિનાના માલિક ખમીશા આરબ, ન્યુ સાહેબ ટી હાઉસના માલિક સાલેમામદ જુમા, અર્ચના રણ રિસોર્ટના પૂંજાભાઈ હીરાભાઈ મારવાડા, મોવારવાંઢ અને અકલીવાંઢના રહેણાક મકાનના માલિક, લુડિયાના મામદ રહીમ નોડે, સહયોગ હોટલના સિધિક મિસરી સમા અને હોટલ ગ્રીનની બાજુમાં આવેલ સર્વિસ સ્ટેશનના માલિક સલીમ નોડેએ પાણીની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે.

# ભુજની શાળામાં વિધાર્થીઓના સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ સેમિનાર



ભુજ : સ્પર્ધાત્મક યુગમાં, વિદ્યાર્થીઓ પર અભ્યાસનું ભારણ ખૂબ જ વધારે હોય છે. આવી સ્થિતિમાં તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. શાળામાં લાવવામાં આવતું ભોજન વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર સીધી અસર કરે છે. તેથી લંચ બોક્સમાં હેલ્ધી ફૂડ લાવવું એ માત્ર એક પસંદગી નથી, પરંતુ એક આવશ્યકતા છે. શાળાઓ પણ આ દિશામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. વિદ્યાર્થીઓને જકફૂડના ગેરફાયદા વિશે જાગૃત કરવા જોઈએ. શાળાઓમાં હેલ્ધી ફૂડ સંબંધિત વર્કશોપ અને સેમિનારનું આયોજન પણ કરી શકાય છે. આ હેતુથી ભુજની વ્હાઈટ હાઉસ પબ્લેક સ્કૂલમાં કે. કે. હોસ્પિટલના સહયોગથી "લંચ બોક્સમાં હેલ્ધી ફૂડ લાવવું' એ અંગે ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું સેમિનારનું માર્ગદર્શન ડૉ વંદના મેસૂરાણી (આહાર વિશેષજ્ઞ) અને મિ. ગૌરાંગ જોષી (સિનિયર માર્કેટિંગ એક્સિક્યુટિવ) એ ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. તેમણે જણાવ્યું કે, "બાળકોના વિકાસના વર્ષોમાં યોગ્ય પોષણએ પાયા સમાન છે. શાળાએ જતા બાળકોને દિવસભર ઉર્જા અને એકાગ્રતાની જરૂર હોય છે. સંતુલિત અને પૌષ્ટિક આહાર દ્વારા જ મળી શકે છે. લંચ બોક્સમાં જો હેલ્થી ફૂડ લાવવામાં આવે તો તેના અનેક ફાયદા થાય છે. હેલ્ધી ડ્રૂડ એટલે પોષક તત્વોથી ભરપૂર આહાર. તેમાં તાજા ફળો, લીલા શાકભાજી, આખા અનાજની રોટલી કે બ્રેડ, કઠોળ અને પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ થાય છે. આ પ્રકારનું ભોજન વિદ્યાર્થીઓને દિવસભર ઉર્જાવાન રાખે છે, તેમના મગજના વિકાસમાં મદદ કરે છે અને રોગો સામે લડવાની શક્તિ પૂરી પાડે છે. હેલ્ધી ફૂડ ખાવાથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે અને તેમની એકાગ્રતા વધે છે. તેનાથી વિપરીત, જંક ફૂડ અથવા તળેલું અને પ્રોસેસ્ડ ફૂડ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવા ખોરાકમાં ચરબી, ખાંડ અને મીઠાનું પ્રમાણ વધુ હોય છે, જે વજન વધારવા, ડાયાબિટીસ અને હૃદય સંબંધિત સમસ્યાઓનું જોખમ વધારે છે. જંક ફૂડ ખાવાથી વિદ્યાર્થીઓ સુસ્ત અને નિસ્તેજ અનુભવે છે, જે તેમની શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓને નકારાત્મક રીતે અસર કરે છે. માતા-પિતા અને શાળા બંનેની જવાબદારી છે કે વિદ્યાર્થીઓને હેલ્ધી ફૂડના મહત્વ વિશે સમજાવે.

માતા- પિતાએ દરરોજ તેમના બાળકોના લંચ બોક્સમાં પૌષ્ટિક અને સંતુલિત આહાર મૂકવો જોઈએ. તેઓ વિવિધ પ્રકારના ફળો અને શાકભાજીનો સમાવેશ કરી શકે છે જેથી બાળકોને તમામ જરૂરી પોષક તત્વો મળી રહે. રોટલી, દાળ, ભાત અને ઘરે બનાવેલા નાસ્તા પણ એક સારો વિકલ્પ છે. ડૉ વંદના દ્વારા એક નાનકડી સૂચિ પણ આપવામાં આવી હતી. અંતમાં જણાવ્યું કે, "માતા-પિતા અને શાળા બંનેએ સાથે મળીને વિદ્યાર્થીઓને હેલ્થી ફૂડના મહત્વ વિશે સમજાવવું જોઈએ અને તેમને ઘરેથી હેલ્થી લંચ બોક્સ લાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. એક સ્વસ્થ બાળક જ એક તેજસ્વી ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. ચેરમેન ગોપાલભાઈ ગોરસિયાએ આચાર્ય દીપેન વૈદ્ય તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

**ભરચક લગ્નગાળા ટાંકણે જ....**

# કચ્છમાં સોનાની રિટેઈલ ઘરાકીમાં સજ્જડ બ્રેક

**જુનું વેંચી નવાની ખરીદીનો વધ્યો ટ્રેન્ડ : ગત વર્ષની સરખામણીએ ઘરાકીમાં અડધોઅડધ ઘટાડો**

**પારિવારીક ખરીદી પર પૂર્ણવિરામ**

પહેલા જયારે લગ્ન ગાળાની ખરીદી થતી હતી ત્યારે એક વ્યકિત માટે નહી પરંતુ ઘરના અન્ય લોકો માટે પણ ખરીદી કરાતી હતી. જેમ કે પુત્રના લગ્નમાં માતા પોતાના જુના ઘરેણા દઈ નવા ઘરેણાની ખરીદી કરતા હતા. પરંતુ હવે પરિસ્થિતિ બદલાય છે હવે એક જ વ્યકિત માટે ખરીદી કરવામાં આવે છે. તેમાં પણ જુનું વહેંચી નવાની ખરીદી કરવી પડે છે. અન્ય પરિવારજનો માટે થતી ખરીદી ૧૦૦ ટકા બંધ થઈ ગયેલ છે.

ભુજ : ટેરીફ વોરના પગલે સોનાનો ભાવ આસમાને પહોંચ્યો છે. છેલ્લા કેટલાક સમયથી સોનાના ભાવમાં રોજ વધારો થઈ રહ્યો છે. ઓલ ટાઈમ હાઈ રહેતું સોનું ઐતિહાસિક સપાટી વટાવી ચુકયું છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર લગ્ન અને સગાઈ જેવા શુભ પ્રસંગોમાં દાગીનાની ખરીદીની પરંપરા રહી છે. ત્યારે આ વર્ષે ભરચક લગ્નગાળા ટાંકણે જ સોનાના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચી જતા મધ્યમવર્ગીય પરિવારો માટે મુશ્કેલી સર્જાઈ છે. કચ્છ જિલ્લા બુલીયન માર્કેટમાં દાગીનાની ખરીદીમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવ આસમાને પહોંચ્યા હોવાથી લોકો નવી ખરીદી કરવાના બદલે ઘરમાં રાખેલું જુનું સોનું વેચી તેના બદલે નવી ખરીદી કરી રહ્યા છે. સોનાના તોલાનો ભાવ એક લાખને પાર થયો છે. છેલ્લા ચાર માસથી સોનાનો ભાવ સતત વધી રહ્યો છે. જેના કારણે ખરીદી પર મોટી અસર જોવા મળી છે. આગામી સમયમાં અક્ષય તૃતીય તહેવાર આવી રહ્યો છે. આ ઉપરાંત આગામી સમયમાં લગ્નગાળાની સીઝન શરૂ થવા જઈ રહી છે. જેના પગલે લગ્નની ખરીદી પણ શરૂ થાય છે પરંતુ ખરીદી પર ૬૦ ટકા જેટલો બ્રેક લાગ્યો છે.

જાન્યુઆરીથી અત્યાર સુધીમાં મોટો ભાવ વધારો થયો છે. છેલ્લા ચાર મહિનામાં રૂા.૨૪૦૦૦નો વધારો થયો છે. જાન્યુઆરીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂા.૭૭૦૦૦ હતો જે આજે રૂા.૧,૦૨,૪૦૦એ પહોંચ્યો છે. ભાવમાં ધરખમ વધારો થતા ઈન્વેસ્ટરો ઈન્વેસ્ટમેન્ટ માટે જુનું સોનુ વહેંચી નવું ખરીદી રહ્યા છે. જયારે હાલ લગ્નગાળાની બહોળી પ્રમાણમાં ખરીદી થતી હોય તેવા સમયે માત્ર જરૂરીયાત મુજબ જ ખરીદી થઈ રહી છે. હાલ બજારમાં માત્ર ૪૦ ટકા જ ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. કચ્છ જિલ્લા સોનાચાંદી વેપારી મંડળના પ્રમુખ હીરાલાલભાઈ સોનીના જણાવ્યાનુસાર ભાવ ઘટે તો બજારમાં ઘરાકી નિકળે હાલ બજારમાં ખરીદી ઠપ્પ થઈ ગયેલ છે. લગ્નસરાની સીઝન હોવા છતાં ધારી ઘરાકી જોવા મળી રહી નથી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૬૦:૪૦ નો રેશીયો જોવા મળી રહ્યો છે. લોકો થોભો અને ભાવ ઘટવાની રાહ જોઈ રહ્યા છે. સોનુ ૧ લાખને પાર પહોંચતા ગ્રાહકો સાથે વેપારીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. ખાસ કરીને લોકોનું બજેટ અડધુ થઈ ગયું છે. પહેલા લોકો ૧૦ ગ્રામ બજેટમાં સોનુ ખરીદતા હતા, જયારે હવે બજેટને ધ્યાનમાં રાખી ખરીદી કરે છે. લોકો હવે ગ્રામ મુજબ નહીં પરંતુ પૈસા મુજબ ખરીદી કરી રહ્યા છે. બજારમાં વજનમાં હળવા દાગીનાની માંગ વધી છે. શ્રી સોનીએ વધુમાં જણાવ્યું કે, સોના અને ચાંદી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા હોઈ લોકોમાં તેનું આકર્ષણ અકબંધ રહ્યું છે. ખાસ કરીને લગ્ન જેવા પ્રસંગોએ લોકો ભાવ ગમે તેટલા ઉંચા હોય તો પણ પોતાના બજેટ અનુસાર ખરીદી કરવાનું મુનાસીબ માન્યું છે.

## રાપરમાં મોપેડ ચોરીનો ભેદ ઉકેલાયો

રાપર : શહેરમાં આથમણા નાકા પાસે વાહન ચેકિંગ દરમિયાન પગીવાંઢ તરફથી આવેલ મોપેડને અટકાવી તેના ચાલક પાસે આધાર-પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. બે દિવસ અગાઉ રાપર-ત્રંબૌ રોડ પર આવેલ નાયરા પેટ્રોલ પંપ પાસેથી જીજે૩૯-બી-૨૩૬૯ નંબરની ૬૦ હજારની ગાડી ચોરી હોવાની કબૂલાત આપતા રાપરના કરીમશા મામદશા શેખની ધરપકડ કરાઈ હતી.

# માધાપરમાં મારામારી સાથે વાહનમાં અકસ્માત સર્જાયો

ભુજ : તાલુકાના માધાપર ગામે જુનાવાસમાં આવેલ સોનાપુરી વાડી વિસ્તારમાં મારામારી સાથે વાહનમાં અકસ્માત સર્જવામાં આવ્યો હતો.

ફરિયાદી નજી હાસમ કોલીના જણાવ્યા પ્રમાણે આરોપી નારાણપરના રાજેશ રમેશ કોલી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેની પત્ની રિસાઈને આવી હોવાથી તેને તેડવા માટે આવતા સાહેદો નવીન અને દિનેશ સાથે ઝઘડો થતા ફરિયાદી વચ્ચે પડ્યા હતા. આરોપીએ ગાળો આપી માર માર્યો હતો. બોલેરો ગાડી નં. જીજે૩૯-ટી-૧૮૮૫ લઈને ભાગવા જતા ફરિયાદીની એક્સેસ નં.જીજે૧૨-ઈકે-૦૭૩૨ ને હડફેટમાં લઈ નુકશાન કરવામાં આવ્યું હતું. વાહનમાં ૩૫ હજાર રૂપિયાનું નુકશાન થયું હતું. જેથી માધાપર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી છે.

# મેઘાપર ગામ દ્વારા HPL નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



ગાંધીધામ : મેઘાપર ગામ દ્વારા Hpl નાઈટ ક્રિકેટનુ આયોજન કરવામા આવ્યુ જેમા કચ્છ ના ગામડા ની ૬૪ ટીમો એ ભાગ લિધો હતો. આ ટુર્નામેન્ટમા ઉદ્યોગપતિ બાબુભાઈ હુંબલ, ત્રિકમભાઈ આહીર, રમેશભાઈ મ્યાત્રા, મનદીપસિંહ જાડેજા, દિનેશભાઈ લાલવાણી, ભુજુભાઈ આહિર સરપંચ મેઘપર, જીગરદાન ગઢવી તાલુકા પંચાયત સભ્ય, શંભુભાઈ મ્યાત્રા માજી પ્રમુખ ભાજપ અંજાર, ગૌ સક્ષક રાજભા ગઢવી ઉપસ્તિત રહયા હતા. ૧૭ દિવસ ૬૪ ટીમો વચ્ચે જામેલા જંગમાં આખરે ફાઈનલ માં શ્રી રામ અંતરજાળ અને સારંશ ૬ મેઘાપર વચ્ચે રમાઈ હતી જેમાં પહેલા બેટિંગ કરતા શ્રી રામ અંતરજાળ એ ૧૨ ઓવરમાં ૧૩૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો જે લક્ષ્ય પીછો કરતા સારંશ Xi મેઘપર એ ૯૬ રનમા ઓલ આઉટ થઈ ગઈ હતી અને શ્રી રામ અંતરજાળ એ ફાઈનલની ટ્રોફી પોતાના નામ કરી હતી. ફાઈનલ મેન ઓફ ધ મેચ ભરત આગરીયાને જાહેર કર્યા હતા. સંપૂર્ણ ટુર્નામેન્ટમા સારી બેટીંગ કરી બેસ્ટ બેટ્સમેન તરીકે ગઢપાધરના જીગર વિરડા , બેસ્ટ બોલર તરીકે મેઘપર ના દુર્ગેશ આહીર અને સંપુર્ણ ટુર્નામેન્ટના મેન ઓફ ધ સીરીઝ તરીકે કાલીતલાવડી ના જગદીશ ડાંગર રહ્યા હતા. શ્રી રામ ઈલેવન અંતરજાળના કેપ્ટન કિરણભાઈ આહિરે વધુ માં જાણાવ્યું હતું કે અંતરજાળ ગામ તમામ ક્ષેત્રે ખૂબ આગાળ છે તેમજ યુવા વર્ગ પણ તમામ કાર્યો માં બહુ અગ્રેસર હોય છે. પરંતુ અંતરજાળ એ ફાઈનલ ટ્રોફીની ૧૦-૧૫ વર્ષની પ્રતિક્ષા બાદ આ ફાઈનલ ટ્રોફી જીતી છે અને આ ટ્રોફી જીતવા ની ખુશી વ્યકિત કરી શકાય તેમ નથી. આ ટ્રોફી ગામમા આવતા તમામ ક્રિકેટ પ્રેમીયોમાં બહુ ખુશીનો માહોલ છે.અંતે આયોજકો એ તમામ નો આભાર વ્યકત કર્યો હતો અને આવા આયોજન ભવિષ્ય મા થતા રહેશે એની ખાત્રી આપી હતી. આ આયોજનનુ સંપુર્ણ સંચાલન ધાણેટીના કોમેન્ટર પિન્ટુભાઈ માતા એ કરીયુ હતું.

## હરિયાણાથી ગેરકાયદે રીતે કનકપરમાં મહિલાને લઈ અવાઈ, પોલીસે મુક્ત કરાવી

ભુજ : હરિયાણા રાજ્યના નૂહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી મહિલાની ગેરકાયદે અટકાયત કરી અરોપી તેને અબડાસા લઈ આવ્યો હતો. નલિયા પોલીસને જાણ થતા તપાસ કરીને કનકપર ગામની સીમમાંથી મહિલા અને યુવકને શોધી લેવામાં આવ્યા હતા. આરોપી પકડી મહિલાને મુક્ત કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**નામ બદલાવેલ છે**

પહેલા હું યોગેશ કાંતિલાલ રંગાણીના નામે ઓળખાતો હતો. રહે. શેરી નં.૪, ઉમીયાનગર, ગઢશીશા-કચ્છ હવેથી હું રંગાણી યોગેશ કાંતિલાલના નામથી ઓળખાઈશ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

### સાંભળી લે પાકિસ્તાનના આતંકી આક્કાઓ..!

# ભારત-વચ્ચે યુદ્ધના ભણકારા : કિસમે કિતનાહે દમ?
# ડંફાસો મારનાર નાપાક મુલક વિશ્વ નકશેથી ગુમ થઈ જશે?



**આખુય પાકિસ્તાન ભારતીય મિસાઈલની રેન્જમાં છે,** પાકિસ્તાન વિચાર કરશે કઈ કરવાનુ ત્યા સુધી તો ભારત તેનો ખાત્મો બોલાવી દે તેટલુ શક્તિશાળી છે.., **જોઈ લ્યો, આ રહ્યા ભારતની તાકાતના પરચા...!** : અને ભુલી ગયા હોય તો **ડીસેમ્બર ૧૯૭૧માં જ ૧૩ જ દિવસમાં ભારતની સામે ઘુંટણીયે પડી ગયા** હતા તે દિવસ યાદ કરી લેજો.., તે વખતના પાકિસ્તાની સેનાના **જનરલ નિયાજી** ભારતીય સેના સામે શરણાગતિ સ્વીકારતા પહેલા ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા, **આ બધુ જ ભુલાઈ ગયુ હોય તો ઉપરોક્ત તસવીર જોઈ લ્યો**, જનરલ નિયાઝી અને ભારતીય સેનાના તે વખતના **લેફ્ટેનન્ટ કમાન્ડર જગજીતસિંહ અરોરા** વચ્ચે ઈન્સટ્રુમેન્ટ ઓફ સરેન્ડરના હસ્તાક્ષરની તસવીર આજે પણ પ્રચલિત છે, ૧૯૭૧માં ધુળ ચાટતા કરી દીધા તો હવે તો આધુનિક ભારતનું સૈન્ય છે,મીટીમાં જ મીલાવી દેશે..





**ડીફેન્સના માધ્યમથી તો ભારત અનેકઘણું આગળ-મજબુત છે, પરંતુ ૧૪૦ કરોડની જનતાના રગ રગમાં ભરેલી દેશભકિત અને તે પૈકીના સરહદો પર તૈનાત સૈનિકોની રાષ્ટ્ર માટે ન્યોચ્છાવર થઈ જવાની દેશદાઝની લાગણી સામેપાર પાકિસ્તાનની સીમાઓ પર રહેલા રોજમદાર ટટ્ટુઓને મીટીમાં મીલાવી દેવા માટે જ પુરતા છે.., ભારતના સૈનિકો મા ભોમની રક્ષા કાજે સરહદ પર તૈનાત છે, જયારે સામેપાર પાકીસ્તાનીઓ છે પગારદાર..! : એથીય વધુ ૧૯૭૧ના યુદ્ધમાં ચાલુ બોમ્બારીંગ વખતે ભુજ એરપોર્ટનો રન-વે ટ્રેક ગણતરીના કલાકોમાં રીપેર કરી દેનારી માધાપરની વિરાંગનાઓથી સજજ મોદીનું ભારત છે..!**

**ભુટ્ટો અને તેનો દિકરો બિલાવલને શેખી મારવા સિવાય કઈ આવડતુ જ નથી, ભુતકાળમાં જુઓ, ભુટ્ટે તે વખતે કહેતો હતો કે અમે ઠેઠ સુધી લડી દેખાડીશુ અને તે વખતે પાકીસ્તાન તરફે યાયાખાને પાકીસ્તાનના ૯૦ હજાર સૈનિકો સાથે ભારતની શરણાગતિ સ્વીકારી લીધી હતી**

ગાંધીધામ : ભારતના કરોડો દેશવાસીઓના આત્મા પર જ સીધો વાર થયો હોય તેવી રીતે કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી તત્વોએ હુમલો કરી અને કાયરતાપૂર્વ કૃત્યુ આદર્યુ છે અને તેના ભારતભરમાં ઘેરા પ્રત્યાઘાત પડય છે. દેશવાસીઓમાં ભારોભાર જનાક્રોશ છે. કેન્દ્રની મોદી સરકાર પણ આતંકી મુલકને તેની જ ભાષામાં જવાબ આપવા એકશન પ્લાન ઘડી જ રહી છે અને ડીપ્લોમેટીક ઐતિહાસીક નિર્ણયો લઈ પણ દેખાડયા છે. કહેવાય છે કે, બન્ને રાષ્ટ્રોની સરહદે તનાવ છે, સામસામે ફાયરીંગ થઈ રહ્યુ છે અને ભારત પાકીસ્તાનને કરારો જવાબ આપી જ રહ્યુ છે, સીમાઓ પર થઈ રહેલા ડીપ્લોમેટને લઈને અરબી સમુદ્રમાં યુદ્ધ છેડાઈ તેવી પણ સ્થીતી જોવાઈ રહી છે ત્યારે સરહદી ક્ષેત્રના જાણકારો કહી રહ્યા છે કે, ભારતની સામે આંખ ઉંચી કરીને જોવાની પણ જો આ નાપાક મુલક જરા સહેજ પણ હિમંત કરી ગયુ, તો ભારત તેની સામે એટલુ બધુ શકિતશાળી છે કે, આખેઆખા વિશ્વના નકશામાથી જ પલક ઝપકતા જ પાકીસ્તાનને ગુમ કરી શકે તેમ છે. ભારત-પાકિસ્તાન વચ્ચે જંગની સ્થિતિ, જાણો બંને દેશમાંથી કોણ વધુ શક્તિશાળી? તેની જો વાત કરીએ તો નાની સુની ડીફેન્સ સવલતોની વાત નહી પરંતુ સીધું જ કોની પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે તેની જ વાત કરીએ તો વિશ્વમાં હાલમાં ૧૨૧૨૧ પરમાણુ શસ્ત્રો છે. જેમાંથી ભારત પાસે ૧૭૨ છે. પરમાણુ શસ્ત્રોની દ્રષ્ટિએ ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી શક્તિશાળી દેશ બની ગયો છે. જોકે તે હજુ પણ રશિયા, અમેરિકા અને ચીનથી પાછળ છે. પરંતુ તે પાકિસ્તાનથી આગળ નીકળી ગયું છે. ચાલો જાણીએ કે વિશ્વના ૯ પરમાણુ શસ્ત્રોથી સમૃદ્ધ દેશો પાસે કેટલા શસ્ત્રો છે? દુનિયાના ૯ દેશો પાસે પરમાણુ શસ્ત્રો છે. આ છે - અમેરિકા, રશિયા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ. તેમણે મળીને ૧૨૧૨૧ પરમાણુ શસ્ત્રો બનાવ્યા છે. જેમાંથી ૯૫૮૫ લશ્કરી ગ્રેડના શસ્ત્રો છે. આમાંથી ૩૯૦૪ શસ્ત્રો મિસાઈલો અને વિમાનોમાં તૈનાત કરવામાં આવ્યા છે. તેનો અર્થ એ કે ગયા વર્ષ કરતાં મિસાઈલો અને ફાઈટર જેટ અથવા બોમ્બર્સમાં ૬૦ વધુ શસ્ત્રો તૈનાત કરવામાં આવ્યા છે. બેલિસ્ટિક મિસાઈલો પર લગભગ ૨૧૦૦ શસ્ત્રો તૈનાત છે. આ મિસાઈલો હાઈ એલર્ટ પર છે. કારણ રશિયા-યુક્રેન, ચીન-તાઈવાન, નાટો વિરુદ્ધ રશિયા વચ્ચે ચાલી રહેલ લશ્કરી વિવાદ અથવા યુદ્ધ છે. જો આ વધશે તો શસ્ત્રોના ઉપયોગનો ભય પણ વધશે.ભારત પાસે ૧૭૨ પરમાણુ શસ્ત્રો છે. જો આપણે ભારતની વાત કરીએ તો ગયા વર્ષે અહીં ૧૬૪ પરમાણુ શસ્ત્રો હતા. જે હવે વધીને ૧૭૨ થઈ ગયા છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) દ્વારા આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે. હવે ભારત પાસે પાકિસ્તાન કરતાં બે વધુ પરમાણુ શસ્ત્રો છે. સિપ્રીએ અગાઉ આગાહી કરી હતી કે ભારત તેના પરમાણુ શસ્ત્રોનો ભંડાર વધારી રહ્યું છે. જોકે ભારતના બધા જ શસ્ત્રો સંગ્રહિત છે. તેમને ક્યાંય પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી.નાપાક મુલકની વાત કરીએ તો પાકિસ્તાન પાસે ટૂંકા અંતરની મિસાઈલો છે - નસ્ર, હતફ, ગઝનવી અને અબ્દાલી. તેમની રેન્જ ૬૦ થી ૩૨૦ કિમી છે. જ્યારે મધ્યમ અંતરની મિસાઈલો - ગૌરી અને શાહીનની રેન્જ ૯૦૦ થી ૨૭૦૦ કિમી છે. જો આ બે મિસાઈલોથી હુમલો થાય છે તો દિલ્હી, જયપુર, અમદાવાદ, મુંબઈ, પુણે, ભોપાલ, નાગપુર, લખનૌ તેની રેન્જમાં છે. હવે વિનાશની માત્રા મિસાઈલમાં ફીટ કરાયેલા હથિયાર પર નિર્ભર રહેશે. પરંતુ નાપાક મુલક ભુલી ગયુ હોય તો યાદ અપાવ દઈએ કે ભારતની મિસાઈલની રેન્જમાં તમારૂ આખેઆખુ પાકીસ્તાન જ આવી જાય છે. હજુ તો જરા સહેજ પાકીસ્તાન છમકલુ કરવાનો વિચાર પણ કરશે ત્યા ભારત જો વળતો પ્રહાર પરમાણુ બોમ્બથી કરશે તો આખેઆખુ પાકીસ્તાન વિશ્વનકશે જોવા જ નહી મળે. કારણ કે આખું પાકિસ્તાન ભારતીય મિસાઈલોની રેન્જમાં છે. ભારત પાસે ટૂંકી અંતરની મિસાઈલ પૃથ્વી છે. તેની રેન્જ ૩૫૦ કિમી છે. અગ્નિ-II ની મારક ક્ષમતા ૭૦૦ કિમી, અગ્નિ-II ની મારક ક્ષમતા ૨૦૦૦ કિમી અને અગ્નિ-IIની મારક ક્ષમતા ૩૦૦૦ કિમી છે. તે બધાને સેનામાં સામેલ કરવામાં આવ્યા છે. અગ્નિ-Vની રેન્જ ૫૦૦૦-૭૫૦૦ કિમી છે. એટલે કે આ મિસાઈલોની મદદથી ભારત પાકિસ્તાનના તમામ શહેરોને નિશાન બનાવી શકે છે. જો ભારત પાકિસ્તાન પર પરમાણુ બોમ્બ ફેંકે છે, તો રાવલપિંડી, લાહોર, ઈસ્લામાબાદ, નૌશેરા અને કરાચી શહેરો સંપૂર્ણપણે નાશ પામી શકે છે.પાકિસ્તાની શાહીન મિસાઈલ લગભગ ૭ મિનિટમાં નવી દિલ્હી પહોંચી શકે છે. જ્યારે ભારતની પ્રલય મિસાઈલ ૬ મિનિટથી ઓછા સમયમાં ઈસ્લામાબાદ પહોંચી શકે છે. વર્ષ ૧૯૮૧ના એક ખાસ રાષ્ટ્રીય ગુપ્તચર અંદાજ અહેવાલમાં જણાવાયું હતું કે જો ભારત માને છે કે પાકિસ્તાન પરમાણુ હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે તો ભારત પહેલા હુમલો કરી શકે છે.

---

**કોયલ બેઠી આંબા કેરી ડાળ મારો મોરલો બેઠો વનને વાટે**

## ધાર્મિક, સામાજીક, લગ્ન પ્રસંગોથી નખત્રાણા પંથક ગાજી ઉઠ્યો





**અખાત્રીજ જે અસંખ્ય લગ્નો, પાટીદાર સમાજ રજતજયંતી મહોત્સવોમાં ભાજપ મોભી રાજકોટ સંસદ સભ્ય પરસોત્તમ રૂપાલા આવશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મહોત્સવમાં લાવવા પ્રયાસો હાથ ધરાયા : વિરાણી નખત્રાણા રૂપાલા આવશે : નિયાણીના સન્માન, લોકડાયરો, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે : નેત્રા, રવાપર, વિથોણમાં ભરચક કાર્યક્રમો : રસલીયામાં કથા રંગ જમાવે છે : પ્રસંગોને લઈ સોનાચાંદી, કપડા સહિતના સ્લગ્ન ધંધાર્થીઓની દુકાને ભીડ જોવા મળે છે: પરદેશથી મોટી સંખ્યામાં પાટીદારો આવ્યા વતન**

નખત્રાણા : વસમો વૈશાખ નજીક છે ત્યારે સૂર્યના સામ્રાજયમાં સેકાઈ રહેલા પશ્ચિમ કચ્છના મુખ્ય મથક નખત્રાણા તાલુકો હાલે ધાર્મિક, સામાજીક, લગન પ્રસંગોથી ગાંજી ઉઠયો છે. અખાત્રીજ ૩૦-૪ અને બુધ્ધપૂર્ણિમા તથા એકાદમી સહિતની લગ્નની શુભ ચોઘડિયે તાલુકામાં ૨૦૦ જેટલા લગ્નો લેવાશે. જેમાં પાટીદાર સમાજની વાત માંડીએ તો વાંઢાય-૧૪, વિથોણ-૧૫, નખત્રાણા-૪, કોટડા-૮, મથલ-૧૬, નેત્રામાં ૪, રવાપર-૪ અને દયાપર ખાતે ૫ તથા નખત્રાણા નિષ્કંલીકીધામ ખાતે ૧૦ જેટલા સામુહિક લગ્નો યોજાશે. તો ત્રિકમ સાહેબ મંદિર ખાતે ૩૪ અને થરાવડા ખાતે ૭ લગ્નો વૈશાખ માસમાં જયોજાશે. નાગલપર ફાટક ગુરૂ ગરવા બ્રાહ્મણ સમાજના સમુહલગ્નો યોજાશે. ઉપરાંત તાલુકામાં છુટક લગ્નની સંખ્યા પણ મોટા પ્રમાણમાં છે અને વિથોણ ખાતે લગ્નના ૨૫ વર્ષની રજતજયંતીનું પર્વ ઉજવાશે. નિયાણીનું સન્માન કરાશે. લગ્નને લઈ જ્ઞાતિના રીત-રિવાજો મુજબ જાન-આગમન મંડપારોપણ, ચોરીના ચાર ફેરા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

નખત્રાણા નવાવાસ લક્ષ્મીનારાયણ મંદિરે ત્રિવેણી મહોત્સવમાં ૧૧-૫ના પરસોત્તમ રૂપાલા પધારશે. જેમાં ધર્મસભા હિન્દુ પ્રખર નેતા આત્માનંદ સરસ્વતીજી સંબોધન કરશે તેવું પૂર્વ સરપંચ ડાયાલાલ સેંઘાણીએ કહ્યું હતું. વિરાણી ખાતે સમાજ ભવનનું ઓપનીંગમાં રૂપાલા પધારશે અને સંભવત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પધારે તેવા પ્રયાસો થઈ રહ્યા છ તેવું ભરતભાઈ સોમજીયાણીએ કહ્યું હતું. રવાપર ખાતે પણ પાટીદાર સમાજ દ્વારા લક્ષ્મીનારાયણ ભગવાનનો ભવ્ય મહોત્સવ યોજાશે જેમાં સાંઈરામ દવે પધારશે.

નેત્રા ખાતે પણ હાલે સમાજ દ્વારા મહોત્સવ ચાલી રહ્યો છે જાદવાણી પરિવાર દ્વારા તો રસલીયા ગામે પણ ભાવાણી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત કથા ચાલી રહી છે. ઉત્સવોને લઈ પાટીદારો મોટી સંખ્યામાં માદરે વતન આવતા ગામડામાં રોનક છવાઈ છે. ચોક-ફળિયામાં, સમાજવાડીમાં મિત્રો, સગા-સંબંધીના મેળાવડા જોવા મળે છે. નખત્રાણામાં પણ સોના, ચાંદી, કપડા, મીઠાઈ સહિતના સંલગ્ન ધંધાર્થીઓ, ખાણીપીણી અને દાબેલી રેંકડી પર ભીડ જોવા મળે છે. છેક દયાપરથી લઈ દેશલપર (વાંઢાય) સુધીના પાટીદારોના ગામડામાં નવી નવી ગાડીઓ મોટા પ્રમાણમાં ઘુમી રહી છે અને પ્રસંગોમાં લોકોની હાજરીના શ્રીગણેશ થઈ રહ્યા છે. ટુંકમાં વૈશાખ આખો મહિનો પાટીદાર કાર્નિવલ બની રહેશે.

---

## અદાણી મેડિકલ કોલેજના ૧૧મા દિક્ષાંત સમારંભમાં ૧૫૦ વિદ્યાર્થીઓ બન્યા તબીબ





ભુજ : અદાણી મેડિકલ કોલેજ ભુજે વધુ ૧૫૦ મેડિકલ વિધાર્થીઓને ડોક્ટર બનાવી સમાજ અને દેશને ચરણે અર્પણ કર્યા તે પ્રસંગે આયોજિત દિક્ષાંત અર્પણ ગ્રેજયુએટ સેરેમની કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તાઓએ નવોદિત તબીબોને સમાજ પરત્વે સેવા, સમર્પણની ભાવના કેળવવા અનુરોધ કર્યો હતો.

ડોક્ટરોને અભિનંદન આપી મેડિકલ અભ્યાસ ક્ષેત્રે હજુ આગળ વધવા શીખ આપી હતી અને દેશમાં હેલ્થ કેર ઝડપથી આગળ વધે છે તેવા માહોલનો ઉલ્લેખ કરી અદાણી હેલ્થ કેર ગ્રુપની વિસ્તરતી ક્ષિતિજો વિશે આછેરો ખ્યાલ આપ્યો હતો. ગેઈમ્સના મેડિકલ ડાયરેક્ટર ડો.બાલાજી પિલ્લાઈએ પ્રાસંગિક ઉદબોધન

મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં આયોજિત ૧૧મા દિક્ષાંત સમારોહને દીપ પ્રગટાવીને પ્રારંભ કરાવતા કચ્છ યુનિ.ના ઉપકુલપતિ ડો. મોહનભાઈ પટેલે મેડિકલ ક્ષેત્રે પદાર્પણ કરતા એમ.બી.બી. એસ. ડોક્ટરને અને ઉપસ્થિત તેમના વાલીઓને ઉદબોધન કરતા જણાવ્યું કે, નવા બનેલા તબીબોને સખત મહેનતનું ફળ મળ્યું છે, પણ વાલીઓ માટે આનંદની ક્ષણ છે. તેમણે મેડિકલ અભ્યાસક્રમ અને તેની આજના સંદર્ભમાં અગત્યતા અંગે જણાવી ઉમેર્યું કે, હેલ્થ અને શિક્ષણ કોઈપણ દેશની પ્રગતિની પારાશીશી છે. એ વિના કોઈપણ દેશની પ્રગતિ શક્ય નથી. અદાણી હેલ્થ કેર ગ્રુપના હેડ ડૉ.પંકજ દોશીએ તમામ કર્યું હતું. પ્રારંભમાં ચીફ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.નરેન્દ્ર હિરાણીએ તમામ નવા બનેલા ડૉક્ટર્સને ચરક આચાર સંહિતાના શપથ લેવડાવ્યા હતા.જ્યારે કોલેજના ડીન ડો. એ.એન.ઘોષે સ્વાગત પ્રવચનમાં કહ્યું કે,આ માત્ર ડિગ્રી નથી એક મોટી જવાબદારી છે, જેને બખૂબી નિભાવવા હાકલ કરી હતી. આ પ્રસંગે આસિ.ડીન ડો.અજીત ખીલનાની ઉપસ્થિત રહ્યા હતા. દિક્ષાંત સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ ડો.આકાશ વંદનાબેન સુનિલ શર્માને અર્પણ કરવામાં આવ્યો હતો, જ્યારે તમામ ૧૫૦ નવોદિત તબીબોને પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનો ઉપરાંત આસિ ડીન, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, અને ફેકલ્ટી દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. તબીબોએ પ્રતિભાવમાં સંસ્મરણો વાગોળ્યા હતા. કાર્યક્રમના કોઓર્ડિનેટર ડો.પારસ પારેખ અને ડો.મોનાલી જાનીએ વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમ પરંપરાગત વેશભૂષામાં યોજાયો હતો. શુભમ, કાલિન્દી, દેવ, આર્ચી, ખુશી અને દેવાશે સંચાલન સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું યુ ટ્યુબ ઉપર લાઈવ ટેલિકાસ્ટ કરાયું હતું જેને આ કોલેજ અને હોસ્ટેલમાં રહી અભ્યાસ કર્યો હતો એવા ૧૮૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓ જેઓ આજે તબીબો છે તેમણે કાર્યક્રમને માણી યાદો તાજી કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વહીવટી પાંખે જહેમત લીધી હતી.

---

**ગઢશીશા વિસ્તાર ક.ક.પા. સમાજ દ્વારા આયોજીત**

## સત્તરમા સમૂહલગ્નોત્સવમાં અક્ષતૃતિયાના સત્તર નવ દંપતિઓ પ્રભુતામાં ડગ માંડશે



**ગઢશીશા પુંજાણી હાઈસ્કૂલ પટાંગણમાં વિશાળા સમીયાણામાં નવવધૂઓને આશિર્વાદ પાઠવવા દેશ - વિદેશ વસતા સાજન માજન ઉમટશે : આયોજનને સફળ બનાવવા અપાઈ રહેલો આખરીઓપ**

ગઢશીશા : કચ્છભરમાં વિવિધ સમાજો દ્વારા અખાત્રીજના શુભ અવસરે વણમાગ્યા મુહૂર્તે સમૂહલગ્નોના આયોજન કરાયા છે. કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નખત્રાણા, વાંઢાય, ખેડોઈ સહિતના વિવિધ ઝોનોમાં અખાત્રીજના શુભ અવસરે સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે ગઢશીશા વિસ્તાર કચ્છ કડવા પાટીદાર સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા સત્તરમો સમૂહ લગ્નોત્સવ યોજવા જઈળ રહ્યો છે. ગઢશીશા પુંજાણી હાઈસ્કૂલ પટાંગણમાં બંધાઈ રહેલા વિશાળ સમિયાણામાં ક.ક.પા. સમાજ સમૂહલગ્ન સમિતિના પ્રમુખ શામજીભાઈ નારણ નાકરાણીની અધ્યક્ષતામાં યોજાનારા સમૂહ લગ્નોત્સવમાં ગઢશીશા વિસ્તારના સત્તર નવ દંપતિઓ શાસ્ત્રી જયંતીલાલ જોષીના આચાર્ય પદે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સપ્પપદીના બંધને બંધાશે. આયોજનને સફળ બનાવવા ઉપપ્રમુખ નારણભાઈ ખીમજી ચૌહાણ, હિરાલાલ માવજી સેંઘાણી, કેશુભાઈ પારસિયા, મહામંત્રી જયેશભાઈ સોમજી છાભૈયા, મંત્રી કલ્યાણજી કરમશી પારસિયા, જયંતીલાલ વાડિયા, મહેન્દ્ર શાંતિલાલ રામાણી, ખજાનચી પરસોત્તમ વિશ્રામ વાસાણી, સહખજાનચી જીવરાજ સામજી સેંઘાણી, અરવિંદ શિવજી ધોળુ તેમજ વડિલ સ્થાપક પ્રમુખ મેઘજીભાઈ રામજીયાણી, કાન્તિલાલ નારણ સેંઘાણી, શિવલાલ લખમશી, સુરેશભાઈ ચૌહાણ, હંસરાજ અરજણ વાસાણી, વસંતલાલ રંગાણી, સુરેશભાઈ પરવાડિયા સહિનાઓના માર્ગદર્શન હેઠળ સમિતિના તમામ કારોબારી સભ્યો, યુવક મંડળના પ્રતિનિધિ સભ્યો, ચંદુલાલ ઉકાણી, હરેશ દેવજી રંગાણી, રમેશ ચૌહીાણ, કલ્યાણજી દેવજી પારસિયા, જયદીપ દિવાણી, રસિકલાલ સેંઘાણી, મહિલા મંડળના પ્રતિનિધિઓ દમયંતીબેન છાભૈયા, જયંતીલાલ ઉકાણી, દમયંતીબેન દડગા, ચંપાબેન રૂડાણી, મંગળાબેન ભીમાણી, હંસાબેન ચોપડા સહિતના મહિલા મંડળ અને યુવક મંડળના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. સલાહકાર સભ્યો શામજીભાઈ હરજી સેંઘાણી, નારણભાઈ વિશ્રામ રામાણી, ગં.સ્વ. વનિતાબેન અરજણ છાભૈયા સહિતનાઓનું માર્ગદર્શન મળ્યું છે. આયોજનમાં સમાજના દાતાઓનો સહયોગ છે. અખાત્રીજના સવારે શુભમુહૂર્તે સંતો, વડિલોના હસ્તે દિપ પ્રાગટય દ્વારા સમૂહલગ્નોત્સવનો પ્રારંભ કરાશે. ૧૧:૩૫ કલાકે આશિર્વચન સમારોહ અને બપોરે ૨ કલાકે કન્યા વિદાય અપાશે.

---

## ડુમરા પીરના ઉર્સમાં કચ્છની કોમી એકતાનું અનોખું પ્રદર્શન

ડુમરા : ડુમરા ગામે દર વર્ષે મ્હાન એક્તા અને પરંપરાની શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે પ્રખ્યાત રહીમશા પીરના ૨૧મો વાર્ષિક ઉર્સ અને ચાદરપોશીનો કાર્યક્રમ ભવ્ય અને સાહિત્યિક ધોરણ પર યોજાયો. આ પ્રસંગે સર્વજનિક ભક્તિ અને શ્રદ્ધાના માહોલમાં, ગ્રામજનો અને યાત્રાળુઓએ પરંપરા મુજબ ડુમરા જૈન દેરાસર પાસેથી રહીમશા પીરના નેજા અને ચાદર સાથે વિશાળ વિધિથી મેળા પ્રારંભ કર્યા.લોકોએ દરગાહ સુધી પહોંચીને ચાદરપોશી વખતે શાંતિ અને સદ્ભાવના માટે દૂઆ અને પ્રાર્થનાઓ કરી.

આ પ્રસંગે, સુલતાનછા બાપુ, હઝરત અલામા સૈયદ સલીમછા બાપુ અને દૈનિક સમાજના અગ્રણી ધર્મગુરુઓએ પોતાના સંબોધનમાં જણાવ્યુ કે, કચ્છના કોમી ભાઈચારોનું જોડાણ અને એકતા જગતમાં કોઈમાં કદી સમકક્ષ બનતું નથી. તેમનાં કહેવા મુજબ, હિન્દુ-મુસ્લિમોના સંયુક્ત ધાર્મિક કાર્યક્રમોમાં ડુમરા ગામ વર્ષોથી એક આગવું ઉદાહરણ મૂકે છે. આ પ્રસંગે, જીવંત સમારંભની ઉજવણી સાથે, પ્રમુખ દાતાઓ અને કર્મઠ સેવકોએ એક બીજા માટે શ્રદ્ધા, આદર અને સદભાવના દાખલ કરી. મુખ્ય દાતા તરીકે, પઢિયાર પરિવારના હઝી જાકબ બાવા પઢિયાર-નુંધાતડવાળા, તેમજ ગાવિંદભાઈ ચંદે જેમણે મુખ્ય દાતા તરીકે આ કાર્યક્રમમાં યોગદાન આપ્યું, તેમને ખાસ સન્માન આપવામાં આવ્યું.

પ્રેમગિરિ બાપુ, હઝરત અલામા સૈયદ સલીમછા બાપુ, સુલતાનછા બાપુ અને અન્ય માનેતા ધર્મગુરુઓએ લોકોની માનસિકતા અને રાષ્ટ્ર માટે સદભાવના અંગે ઘણા મહત્વપૂર્ણ સંદેશ આપ્યા. આ સાથે, આજે પણ ડુમરા ગામે શ્રદ્ધા, ભવિષ્ય માટે એકતા અને પરંપરાને જીવંત રાખવાના પ્રયત્નો ચાલુ છે. આ કાર્યક્રમમાં, અન્ય દાતાઓ અને સેવકોએ પણ હાર્દિક યોગદાન આપ્યું. મુસ્લિમ બિરાદરો માટે બાંધવામાં આવેલી મસ્જિદના તમામ ખર્ચ માટે મર્હૂમ હઝી આધમ જુસબ સુમરા દ્વારા કરાયેલા દાનને ખાસ માન્યતા અપાઈ. પઢિયાર પરિવાર અને ચંદે ગાવિંદભાઈએ આપેલા શ્રેષ્ઠ દાન અને સન્માન પામેલાં. આ ઉપરાંત, રમેશ સોની, બીજલ શાહ, નયન ડુડિયા, કુશલ ઠક્કર, પ્રદીપસિંહ જાડેજા, રાજેશભાઈ ચંદે, મહેશ્વરી સમાજના મનીષભાઈ ચંદે, શૈલેશભાઈ ચંદે, અને જીતુભા જાડેજા સહિત ઘણા લોકોએ આ પ્રસંગે હાજરી આપી હતી.વ્યવસ્થા માટે, પ્રતિપ લાસિંહ ઝાલા, અયુબભાઈ સુમરા, સિધિકભાઈ તુર્ક, અરજણભાઈ ગઢવી, અને આધમભાઈ ખલીફા જેવા સદગુરુઓએ કાર્ય સંભાળી હતી. હાજી ઈશા, અબ્દુલ સુરંગી, મીતભાઈ ગોર, અજયભાઈ ગોસ્વામી, દર્શન સોઢા, પ્રવીણાસિંહ સોઢા, વિશાલભાઈ ડુડિયા વગેરે સેવકોએ પણ પોતાનું યોગદાન આપ્યું. આ કાર્યક્રમ અને સમારંભથી, કોમી એકતા અને ભાઈચારો વધારવાનો સંદેશ વિશ્વભરમાં જવા માટે આ પ્રકારે પ્રકાશિત થાય છે.

---

## કચ્છમાં અનુભવાયેલ પાંચની તિવ્રતાનો આંચકો વહીવટી તંત્ર માટે બોધપાઠરૂપ

ભુજ : તાજેતરમાં બર્મા, બેંગકોક અને તુર્કીથી સીરીયા સુધી આવેલા ભૂકંપમાં હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ ઘટનાક્રમથી વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપની યાદો તાજી થઈ છે. ચેમ્બર ઓફ કોમર્સ ભુજના પ્રમુખ અનિલ ગોરે જણાવ્યું હતું કે, કચ્છમાં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ જી-પાંચ કેટેગરીમાં આવેલ ઈમારતોને તોડી પાડવાનો તંત્ર દ્વારા હુકમ કરાયો હતો. તેમ છતાં ૨૪ વર્ષ બાદ હજુ સુધી ભુજમાં આવી ઈમારતો ખખડધજ હાલતમાં ઉભી છે. જેમાં લોકો પોતાના પરિવારો સાથે જીવના જોખમે વસવાટ કરી રહ્યા છે.

આ પ્રકારની ઈમારતોથી ભવિષ્યમાં મોટું નુકશાન થવાની ભીતિ છે. તંત્ર દ્વારા આ દિશામાં કોઈ નક્કર આયોજન કરાયું નથી, જે ચિંતાનો વિષય છે. આ મુદ્દે છેલ્લા ૨૪ વર્ષમાં ૧૪થી વધુ વખત જાહેરનામા બહાર પડાયા છે. છતાં પરિણામ શુન્ય જ છે. જી.પાંચ કેટેગરીની ઈમારતો તોડવા કે માળ ઉતારવા માટે કોઈ નિર્ણય લેવાયો નથી. ભૂકંપ પહેલા ત્રણથી સાત માળની ૪૩૦ બહુમાળી ઈમારતો હતી. જેમાંથી ૮૯ ઈમારતો ભૂકંપમાં ધ્વંશ થઈ હતી. ૨૭ ઈમારતો જી-પાંચની કેટેગરીમાં મુકવામાં આવી હતી. જયારે ૧૧૨ ઈમારતોનો જી-ફોર કેટેગરીમાં સમાવેશ થયો હતો. ગત મંગળવારે મોડી રાત્રે કચ્છમાં પાંચની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. વારંવાર કુદરત સંકેત આપતી રહે છે ત્યારે તંત્રએ તેમાંથી બોધપાઠ લેવો જોઈએ અને ત્વરીત સંકલન સાધી કાયમી ઉકેલ લાવવો જોઈએ તેવી લાગણી શ્રી ગોરે વ્યકત કરી હતી.

# પ.પૂ. હરિદાસજી મહારાજશ્રીએ કચ્છઉદય ભવનની લીધી મુલાકાત : ગંગારામભાઈ સાથે જખૌ મહોત્સવ અંગે કર્યુ નિર્ણાયક મનોમંથન

**કચ્છઉદય પરીવારના મોભી ગંગારામભાઈ ભાનુશાલી, દક્ષાબેન પ્રકાશભાઈ ભાનુશાલી તથા પરીવારજનોને મહારાજશ્રીએ પાઠવ્યા આર્શીવાદ તો મોહીત પ્રકાશભાઈ ભાનુશાલીના નવતર સાહસ કેટીએમ એન્ડ હસ્કવર્ના બાઈકના ભવ્ય શો રૂમની મહારાજશ્રીએ રૂબરૂ મુલાકાત લઈ ચાલીશાનુ પઠન કરી શો-રૂમમાં દિવ્યતા પ્રસરાવી**






ગાંધીધામ : આવતીકાલથી અબડાસાના જખૌ મધ્યે પુ. ઓધવરામજી મહારાજના નુતન મંદીરના પ્રાંત પ્રતિષ્ઠા અને ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપરાંત હરિદ્વારથી પુ. હરિદાસજી મહારાજના કરકમલો દ્વારા પ્રસ્થાન કરાયેલ ઓધવજયોત કે જે દેશના વિવિધ રાજયોમાંથી લોકોને પુજા-અર્ચનાનો લાભ આપી અને જખૌ મધ્યે પહોચશે ત્યારે તેનુ ભવ્યાતિભવ્ય આવકાર-સ્વાગત ઉપરાંત ઐતિહાસીક ૫૫મા સમુહલગ્નોતસવ, મહા ઓધવરાસ-સંતવાણી સહિતના ભવ્યાતિભવ્ય જાજરમાન કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યું છે. ગુજરાત રાજયના મુખ્યપ્રધાન શ્રીસહિત અનેકવીધ મોભી-મહાનુભાવો તથા સંતો-મહંતો અને સમાજના હજારો લોકો આ કાર્યક્રમના સાક્ષી બનવા છે. ત્યારે આ કાર્યક્રમમાં ભાગ લેવા હરિદ્વારથી કચ્છ આવી પહોંચેલા પ.પુ. સંત હરિદાસજી મહારાજે આજ રોજ તેમના પાવન પગલા ગાંધીધામ મધ્યે કચ્છઉદય ભવન ખાતે કર્યા હતા.

પ.પુ. હરિદાસજી મહારાજે આજ રોજ કચ્છઉદય ભવન મધ્યે શ્રી ગંગારામભાઈ ભાનુશાલી સાથે મુલાકાત કરી હતી જેમાં જખૌ મહોત્સવને લઈને થયેલી અંતિમ તડામાર તૈયારીઓની રૂપરેખા તેઓએ જાણી હતી. ગંગારામભાઈએ પણ ઓધવજયોત જે હરિદ્વારથી પ્રસ્થાન કર્યા બાદ દિલ્હી, રાજસ્થાન, હનુમાનગઢ, મધ્યપ્રદેશ, અમદાવાદ, જામનગર, સૌરાષ્ટ્ર, કચ્છમાં ઠેર-ઠેર તેને ભવ્યાતિભવ્ય આવકાર પ્રાપ્ત થવા પામ્યો હોવાનુ જણાવી અને આ તમામ રાજયોના હરિભકતો ઓધવજયોતના દર્શન-પૂર્જા અર્ચના અને આરતી કરીને ધન્યતાનો ભાવ અનુભવ્યો હોવાનુ જણાવ્યુ હતુ. જખૌ મહોત્સવ ધામની પણ ગંગારામભાઈએ ખુદ પ્રવાસ કરીઅને મહોત્સવને લગતી વ્યવસ્થાઓ અને તૈયારીઓ બાબતે સ્થાનિકે વ્યવસ્થાપક- આયોજકો, આગેવાનો, કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી અને જખૌ મહોત્સવ પણ ઐતિહાસીક રીતે ભવ્યતા-દિવ્યતા સાથે ઉજવાશે તેવો ચિત્તાર મહારાજશ્રી સમક્ષ રજુ કર્યો હતો. મહારાજશ્રીએ પણ જખૌ મહોત્સવના કાર્યક્રમ, પુ. ઓધવજયોત, સહિતને મળેલ પ્રતિસાદ, સ્વાગત-આવકાર બાબતે ખુબજ રાજીપો દર્શાવ્યો હતો. પુ. મહારાજશ્રીએ ગંગારામભાઈ ભાનુશાળીના સમગ્ર પરિવારના પણ ખખબર અંતર પુછ્યા હતા. તો વળી કચ્છઉદય પરીવારના જ મોહિત પ્રકાશભાઈ ભાનુશાલીના ગાંધીધામ મધ્યે જ નવતર સાહસ કેટીએમ એન્ડ હસ્કવર્નાના શોરૂમમાં પણ પગલા કર્યા હતા અને ત્યાં ચાલીસા પઠન કરી શોરૂમની ભવ્ય સફળતા માટેના આર્શીવાદ પાઠવ્યા હતા.આ વેળાએ ભાવેશભાઇ નંદા (બીટાવાળા), ગીરીશભાઇ ભાનુશાલી, ગીરીશભાઇ ગોરી (નુંધાતળવાળા), જયેશભાઇ ભાનુશાલી અને જગદીશભાઇ ઠક્કર હાજર રહયા હતા.

## મેઘપર (બો) સોસાયટી વિસ્તારમાં શહેર કોંગ્રેસના પ્રવાસ દરમ્યાન અનેક લોકો કોંગ્રેસનો કર્યુ ખેસ ધારણ

ગાંધીધામ : શહેર તાલુકાની ટીમ દ્વારા મહાપાલિકામાં સમાવિષ્ટ મેઘપર (બો)ની સોસાયટી વિસ્તાર ની થોડા સમય અગાઉ રૂબરૂ મુલાકાત લેવા માં આવેલ જેમાં ગટર ની વર્ષો જુની વિકટ સમસ્યા અંગે લોકો એ





પોતાની આપવીતી જણાવી ને સ્થળ પર જ પરિસ્થિતિ નો તાગ મેળવીને શહેર પ્રમુખ ભરત ગુપ્તા દ્વારા મહાપાલિકા ના અધિકારીઓનો સંપર્ક કરી ને સતત પાંચ દિવસ સોસાયટી વિસ્તારના લોકો સાથે રાખી તંત્ર ની મદદથી અને મશીનરીથી ગટરની સમસ્યા આંશિક રીતે હલ કરવામાં આવી હતી. લોકો ને ગટર ના ગંદા પાણી થી રાહત મળતાં હાશકારો અનુભવ્યો હતો અને આ સમસ્યાનો કાયમી નિકાલ માટે પણ સધિયારો આપ્યો હતો.

આ બાદ તાજેતર માં કોંગ્રેસ ની ટીમ ફરી મુલાકાત લીધી હતી ત્યારે કેટલાયે લોકો ભાજપના ભ્રષ્ટ વહીવટથી ત્રાસી ગયા હોવાનું જણાવી કોંગ્રેસ માં સ્થળ ઉપર જ જોડાઈ ને કોંગ્રેસનો ખેસ ધારણ કર્યુ હતું. સૌથી વધુ પીડા ભોગવતી અનેક મહિલાઓ પણ કોંગ્રેસ માં જોડાઈ હતી. આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ ભરત ગુપ્તા, ભરત સોલંકી, ચેતન જોશી, યોગેશ પોકાર,મહીલા કોંગ્રેસના કલ્પના બેન જોશી, શેર બાનું બેન ખલીફા, કીરણ પોકાર વગેરે જોડાયા હતા. સ્થાનિક રહીશોમાં કમલ પરિહાર, માયાબેન શાહ, પ્રવીણ મ્યાત્રા, પી. જી. જાડેજા, અભિષેક, આશિષ ભાનુશાલી સહિત એનેક લોકો જોડાયા હતા.

## કાશ્મીરમાં સહેલાણીઓ પર આતંકી હુમલો એ કાયરતાનું પ્રતિક : હાજી જુમા રાયમા

ભુજ : કાશ્મીરના પહેલગાવ આતંકી હુમલાના વિરોધમાં મુસ્લીમ સમાજે કચ્છની મસ્જીદોમાં કાળી પટી બાંધી નમાજ અદા કરી હતી. ગુજરાત મુસ્લિમ હીત રક્ષક સમીતી તથા મુસ્લિમ સમાજના સીનીયર આગેવાનો ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પુર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજને અપીલ કરેલ કે શુક્રવારે જુમ્માની નમાજમાં તમામ મુસ્લિમ કાળી પટી બાધી નમાજ અદા કરે કાશ્મીરના પહેલગાવના આતંકી હુમલાનો પુરજોશ વિરોધ કરે તે અનુસંધાને કચ્છની મસ્જીદોમાં તમામ લોકોએ કાળીપ ટી બાંધી નમાજ અદા કરી વિરોધ નોંધાવ્યો હતો.તમામ મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરેલ અને ઘાયલ



લોકો જલ્દી સ્વસ્થ થાય તે માટે મસ્જીદમાં દુવા કરેલ કચ્છ જીલ્લા મુસ્લિમ સમાજના અગ્રણી હાજી જુમા રાયમાએ આ હુમલાને કાયરતા ગણાવી હતી. ઈસ્લામ ધર્મનો સંદેશ છે કે જેમણે નિર્દોષ વ્યક્તિનુ કત્લ કર્યું તેણે સમગ્ર ઈન્સાનીયત તથા માનવતાનુ કત્લ કર્યું અને નીર્દોષ વ્યક્તિની જાન બચાવી તેણે સમગ્ર માનવજાતની જાન બચાવી માટે આવા હુમલાને ઈસ્લામ ધર્મ ક્યારેય સ્વીકારે નહી આતંકીઓનો કોઈ ધર્મ નથી. જે પયગંબરે ઈસ્લામના પરીવારજનોએ કરબલામા સમગ્ર પરીવારનો કત્લ કરનારને પણ મદીના આવેલ ત્યારે માફી આપ ેલ તેમના અનુયાયી ક્યારેય આવુ કૃત્ય ન કરી શકે જેમણે દુશ્મનોને માફી આપી ક્યારેય બદલો લેવાની ભાવના ન રાખી તેવા પયગંબરના અનુયાયી આ કૃત્ય ન કરી શકે આ યજીદના અનુયાયી છે. મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ જણાવ્યું હતુ તેમણે તમામ મૃતક પરીવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા ઘાયલ લોકો જલ્દી સ્વસ્થ થાય તેવુ જણાવ્યુ હતુ અને સરકાર આવા આતંકીઓ સામે કડક પગલાં ભરે તેવી માગણી કરેલ હતી.

## મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત નિંગાળ ગામે ઉજવણી



ગાંધીધામ : મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત નિંગાળ ગામે ઉજવણી કરવામાં આવી. નિંગાળ આયુષ્માન આરોગ્ય મંદિર અને ગ્રામ પંચાયતના સહયોગથી ''મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન'' અંતર્ગત ખાસ બાળજાગૃતિ અભિયાન યોજાયું. બાળકોએ મેલેરિયાથી બચાવના ઉપાયો અંગેની પત્રિકાઓ રાખી ગ્રામજનોને સંદેશ આપ્યો.''મચ્છર દૂર કરો, મેલેરિયા દૂર કરો-સ્વચ્છતા રાખો, મેલેરિયા ભગાવો''જેવી માહિતી લોકો સુધી પહોંચાડી સાથે આયુષ્માન કાર્ડ બનાવવાની માહિતી આરોગ્ય કર્મીઓ દ્વારા લોકોને આપવામાં આવી.આ પ્રસંગે ગ્રામજનોનો ઉમદા સહકાર મળ્યો હતો.આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં આરોગ્ય અંગે જાગૃતિ વધે છે અને ગ્રામજનો સ્વસ્થ જીવનશૈલી અપનાવે છે.

## સણોસરાની સીમમાં કરંટ લાગતા યુવાનનું મોત

ભુજ : તાલુકાના સણોસરા ગામની સીમમાં કરંટ લાગવાના કારણે યુવાનનું મોત થયું હતું. ગઈકાલે રાત્રે આ બનાવ બન્યો હતો. હતભાગી ચકાર કોટડા ગામે રહેતા કમલેશભાઈ જયંતીભાઈ ખીમાણી વાડીએ મોટર ચાલુ કરવા ગયા ત્યારે કરંટ લાગવાના કારણે ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું મોત થતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## મુન્દ્રામાં મધરાતે ઘરનો દરવાજો તોડી છ લાખની મત્તા ઉઠાવી જવાઈ





ભુજ : મુન્દ્રા શહેરમાં બારોઈ રોડ પર આવેલી વિજયપાર્ક સોસાયટીમાં ગઈકાલે ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં અંદાજે ૬ લાખની મત્તા ઉઠાવી જવાઈ હોવાનું સામે આવ્યું છે.

**બારોઈ રોડ પર આવેલી વિજયપાર્ક સોસાયટીમાં ચોરીની ઘટનાથી લોકોમાં ફફડાટ ફેલાયો**

આ બાબતે સૂત્રોમાંથી અને ઘટનાસ્થળેથી મળતી માહિતી પ્રમાણે ગઈકાલે રાત્રે આ બનાવ બન્યો હતો. પરિવારના ઉપર માળે સૂતો હતો ત્યારે અજાણ્યા તસ્કરોએ નીચેના રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી તીજોરીમાં રાખેલા રોકડા રૂ.૫ હજાર અને પાંચ તોલાના સોનાના ઘરેણાનો હાથફેરો કર્યો હતો. પરિવારને શંકા જતા નીચે આવ્યા ત્યાં સુધીમાં આરોપીઓ ભાગી ગયા હતા.

તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ પોલીસે અલગ અલગ વિસ્તારના કેમેરા હ્યુમન સોર્સના આધારે તપાસના ચક્રો ગતિમાન બનાવ્યા છે. રહેણાક વિસ્તારમાં પોલીસ દ્વારા સંઘન પેટ્રોલિંગ કરવામાં આવે તેવી માંગ પણ લોકોએ કરી હતી.

## શ્રીમદ ભાગવતનો અનુકરણ કરવાથી જીવનને વધુ સરળ બનાવી શકાય છે





**કાઠડા કલ્યાણેશ્વર મહાદેવ મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ મહોત્સવ નો ભવ્ય પ્રારંભ થયું**



માંડવી : શ્રી કલ્યાણેશ્વર મહાદેવ સત્સંગ મંડળ તથા સમસ્ત કાઠડા વૈષ્ણવ સમાજ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ મહોત્સવ નો ભવ્ય પ્રારંભ થયું હતું. વહેલી સવારે ભીમનાથ મંદિરથી કથા મંડપ સુધી વાજતે ગાજતે ઘોડા, રેકડા તેમજ કળશધારી દીકરીઓ અને પરંપરાગત પહેરવેશમાં સજજ ભાવિકોના સંગાથે ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. આ પ્રસંગે ઉપસ્થિત યોગી અર્જુન નાથજી બાપુ, ધીરેન્દ્ર પુરીજી બાપુ, આઈ ખીમશ્રીમાં, આઈ ધનબાઈ માં ના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયો હતો. ઉપસ્થિત સંતો, માતાજીઓ ની ભાવવંદના સમિતિ દ્વારા કરાઈ હતી. સૌનો શાબ્દિક આવકાર આપતા દેવાંગભાઈ સાખરાએ આ ભવ્ય આયોજનને દીપાવવા દાતા શ્રેષ્ઠિઓ, ગ્રામજનો અને સર્વે સ્વયંસેવક યુવાનો ની ભાવના થકી સુંદર આયોજન થયું હોવાનું જણાવ્યું હતું. મહંત અર્જુનનાથ બાપુએ જીવન જીવવા માટે નો અનુસાશન કેળવાય અને સાચા મૂલ્યો સાર્થક થાય અને તમામ જીવનની પડોજણનો થાક ઉતારે તેનું નામ કથા હોવાનું જણાવી ધાર્મિક ગ્રંથોમાંથી પ્રેરણા લઈ આદર્શ અને ધર્મમ્ય જીવન જીવવા માટે ની સીખ આપી હતી. વ્યાસ પીઠેથી કથાના વક્તા શાસ્ત્રી કશ્યપભાઈ જોશી એ મનુષ્યના જીવનમાં ઉદ્ભવતા તમામ પ્રશ્નો અને સમસ્યાઓનો સમાધાન શ્રીમદ ભાગવતમાં સ્વયં ભગવાને બતાવ્યું છે. શ્રીમદ ભાગવત નો અનુકરણ કરવાથી જીવનને વધુ સરળ બનાવીશકાય છે તેવું જણાવ્યું હતું.

## પહેલા પાનાથી...

### ઇઝરાયેલમાં નેતન્યાહૂ

બંધકોની મદદ નથી કરી રહ્યું, પરંતુ તેમને બલિનો બકરો બનાવી સરકાર પાડવાનું ષડયંત્ર છે.'' તેમણે આંતરિક સુરક્ષા એજન્સી શિન બેટને સવાલ કર્યો કે આવા હિંસક પ્રતીકો સામે અત્યાર સુધી કેમ કાર્યવાહી નથી થઈ.નેતન્યાહુની લિકુડ પાર્ટીએ પ્રદર્શનને ''પાગલપન'' ગણાવીને કહ્યું, ''આ વડાપ્રધાનની હત્યા માટે ખૂલલીયયાં ઉશ્કેરણી છે.'' એટર્ની જનરલ અને શિન બેટના વડા રોનેન બાર આને રોકવા માટે શું કરી રહ્યા છે?નેતન્યાહુએ તાજેતરમાં 'કતારગેટ' ઘોટાળાની તપાસ દરમિયાન શિન બેટના વડા રોનેન બારને બરતરફ કર્યા હતા. વિપક્ષે આ પગલાને તપાસ દબાવવાનો પ્રયાસ ગણાવીને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું છે.

## રાજ્યના મુખ્યમંત્રીશ્રીને ગુજરાત જાહેર સેવા આયોગમાં ઉમેદવારો માટેના ઈન્ટરવ્યૂમાં ૧૫ ગુણો કરવા ડો. સોમયાની રજૂઆત

ગાંધીધામ : જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર ડૉ. ભાણજી એચ. સોમૈયાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાત જાહેર સેવા આયોગમાં ઉમેદવારો માટેના ઈન્ટરવ્યૂમાં ૧૫ ગુણો કરવા રજૂઆત લેખિત રજૂઆત કરી છે. ડૉ. સોમૈયાએ પત્રમાં પાઠવ્યું છે કે ઘણીવાર પછાત સમાજના કે ગ્રામ્ય વિસ્તારોના તેજસ્વી વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ પરિશ્રમ કરીને ૭૦% ગુણ લાવી શકે છે. પરંતુ જેમનો ઉછેર કે ઘડતર પછાત જાતિમાં કે ગ્રામ્ય વિસ્તારમાં થઈ હોય તો આવો વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યૂની પરીક્ષા ખંડમાં પ્રવેશતા પહેલા જ માનસિક તણાવમાં આવી જવાની નાપાસ થવાની ઘણી શક્યતાઓ છે. માટે 'ગુજરાત જાહેર સેવા આયોગ'ની પરીક્ષામાં ઈન્ટરવ્યુના ૧૫ ગુણ કરવા રજૂઆત કરી છે.

**ગાંધીધામ કોલેજીયેટ બોર્ડ દ્વારા સંચાલિત દીનદયાલ કૌશલ વિકાસ કાર્યક્રમો માટે**

## સ્માર્ટ ક્લાસરૂમનું ઉદઘાટન અને તોલાની એફ. જી. પોલીટેકનિક ખાતે "પ્રોજેક્ટ ફેર ૨૦૨૫" યોજાયો











આદીપુર : તોલાની એફ. જી. પોલીટેકનિક ખાતે આજે એક મહત્વપૂર્ણ પ્રસંગ ઉજવવામાં આવ્યો જેમાં દીનદયાલ કૌશલ વિકાસ કાર્યક્રમ અંતર્ગત ચાલતા વિવિધ સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમો માટે વિકસાવેલ સ્માર્ટ ક્લાસરૂમનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પહેલ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ્સ દ્વારા સ્પોન્સર કરવા માં આવી રહી છે. સાથે સાથે, પ્રોજેક્ટ ફેર ૨૦૨૫નું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના નવીન અને ટેક્નિકલ પ્રોજેક્ટ્સ પ્રદર્શન માટે મુકવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મહાનુભાવોઃ સી. હરિચંદ્રન, ડેપ્યુટી ચેરમેન, DPA – મુખ્ય અતિથિ, આર. કુમાર, મેનેજિંગ ડિરેક્ટર, તોલાણી શિપિંગ કો. અને ડિરેક્ટર, તોલાણી એજ્યુકેશનલ ફાઉન્ડેશન, મુંબઈ – માનનીય અતિથિ, ડૉ. એચ. કાલરો, ટ્રસ્ટી, ગાંધીધામ કોલેજિયેટ બોર્ડ , શ્રી પ્રસાદ (ડેપ્યુટી ચીફ એન્જિનિયર, DPA), પ્રોફેસર કે. વેંકટેશ્વરલુ (પ્રોજેક્ટ હેડ – DPA કાર્યક્રમો), પ્રોફેસર એચ. જી. સાગર (પ્રિન્સિપલ ઈનચાર્જ, TFGP), સાથોસાથ ગાંધીધામ કોલેજીએટ બોર્ડના ટ્રસ્ટી એચ. કે. કૃપલાણી, ખુશલાણી, દિન દયાલ પોર્ટ તરફથી અન્ય અધિકારી ગણ, તોલાણી પોલિટેકનિકના ભૂતપૂર્વ વિદારથી મંડળના હોદ્દેદારો, તમામ પ્રાધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા. ફૂલોથી મહેમાનોનું સ્વાગત કર્યા બાદ, પ્રોફેસર કે.વેનકટેશ્વરલુએ દીનદયાલ કૌશલ વિકાસ કાર્યક્રમ અંતરગત ચાલતા વિવિધ કોર્સની સમજ આપી હતી અને કેવી રીતે આ કાર્યક્રમ પાસ થનારા વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગલક્ષી કુશળતાઓ વિકસાવવામાં મદદરૂપ બનશે તે અંગે માહિતી આપી. શ્રી ઉત્પલ મહીછા એ પધારેલ મહેમાનો પરિચય આપ્યો હતો.ડૉ. એ એચ કાલરો તેમના સંબોધનમાં DPAનો આભાર માન્યો અને CSR પ્રવૃત્તિઓમાં સંસ્થા સાથે સહકાર આપવા બદલ ખુશી વ્યક્ત કરી.

તેમણે વિદ્યાર્થીઓને આવા કુશલતા આધારિત કાર્યક્રમોમાં ભાગ લેવા અને તેનો લાભ લેવા પ્રેરણા આપી. આર કુમાર એ એમના વક્તવ્યમાં દિન દયાલ પોર્ટ તરફથી મળેલ CSR ફંડ્સનો ઉપયોગ આધુનિક શિક્ષણ સુવિધાઓ ઊભી કરવામાં કરાયો છે એ અંગે સંતોષ વ્યક્ત કર્યો. તેમણે ઢ્ઢછનો આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું કે આવા પગલાં યુવાનોની કારકિર્દી ઘડવામાં અને રોજગારીની તકો વધારવામાં મહત્વનું યોગદાન આપે છે.

મુખ્ય અતિથિ - સી. હરિચંદ્રન દીનદયાળ પોર્ટમાં થઈ રહેલા વિવિધ વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે દીનદયાળ પોર્ટ કાર્ગો હેન્ડલિંગ ક્ષમતાના દ્રષ્ટિકોણથી એક મુખ્ય પોર્ટ તરીકે આગળ વધી રહ્યો છે. આવનારા સમયમાં અનેક નવા વિકાસ કાર્યોના અનુમાન છે, જે માટે કૌશલ્ય ધરાવતા માનવ સંસાધનની ભારે માંગ ઊભી થશે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવા અભ્યાસક્રમો ડિપ્લોમા ધારકો માટે સુયોગ્ય નોકરીના અવસર ઊભા કરશે અને ઉદ્યોગોને પણ કુશળ કર્મચારીઓ ઉપલબ્ધ થશે તેમ જણાવયુ હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિ સી. હરિચંદ્રન - ડેપ્યૂટી ચેરમેન દિન દયાલ પોર્ટ ના હસ્તે "રિબિન કટિંગ" દ્વારા સ્માર્ટ ક્લાસ રમનું ઉદઘાટન કરવા માં આવ્યું અને પ્રોજેક્ટ ફેર ૨૦૨૫નું સત્તાવાર શુભારંભ થયો.

પ્રોફેસર એચ. જી. સાગર, પ્રિન્સિપલ ઈનચાર્જે આ પ્રસંગને સફળ બનાવનાર દરેક વ્યક્તિનો આભાર વ્યક્ત કરતા આભાર વિધાન આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઉત્પલ મહિત્ચા, વ્યાખ્યાતા, ઈલેક્ટ્રિકલ ઈન્જિનિયરિંગ દ્વારા કરાયું.

# મોરબીથી લગ્ન પ્રસંગે આવતા ભાઈઓને નડ્યો અકસ્માત : બેના મોત

**ભચાઉ પાસે અજાણ્યા ટ્રક ચાલકે પાછળથી ટક્કર મારતા બની હતી ઘટના**

ભચાઉ : શહેરમાં આરતી ઈન્ડસ્ટ્રીઝથી ગોલ્ડન હોટલની વચ્ચે હાઈવે રોડ પર અકસ્માત સર્જાયો હતો. જે અંગે ભચાઉ પોલીસમાં ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

ફરિયાદી મુળ મોરબીના હાલે ગળપાદરમાં રહેતા રાયધણભાઈ રાણાભાઈ સોલંકીના જણાવ્યા પ્રમાણે ગત ૨૩ તારીખે ટ્રક ચાલકે તેમના કાકાઈ ભાઈની બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેને હોસ્પિટલમાં લઈ જવાતા મોત થયું હતું. કાકાઈ ભાઈ સુનીલ અને મુકેશ મોરબીથી લગ્ન પ્રસંગે પોતાની બાઈક નંબર જી.જે. ૩૬ સી ૯૭૧૮ લઈને મેઘપર બોરીચી ખાતે આવતા હતા ત્યારે આરતી ઈન્ડસ્ટ્રી પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે બપોરે એક વાગ્યાના અરસામાં ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે બન્ને ભાઈઓના મોત થયા હતા. જેથી અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

લગ્ન પ્રસંગે આવતા બે ભાઈઓના અકસ્માતે મોત થતા પરિવારમાં ઘેરા શોક સાથે અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ભચાઉ પોલીસે ગુનો દાખલ કરી અકસ્માત સર્જનારને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન બનાવ્યા છે.

# આદિપુરમાં વ્યાજખોરોએ બળજબરીપૂર્વક સહીઓ કરાવી મોબાઈલ પડાવી લીધો

ગાંધીધામ : આદિપુરમાં વ્યાજખોરી બાબતે ફરિયાદ નોંધાઈ છે. મેઘપર કુંભારડીના ગુરુકૃપાનગરમાં રહેતા ૩૮ વર્ષિય આશિષકુમાર ગુપ્તાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે નોકરી પૂરી કરીને બસમાંથી ઉતરી ઘર તરફ જતો હતો ત્યારે બાઈક પર આવેલાં બે યુવકો બળજબરીથી બેસાડીને કેનાલ તરફ લઈ ગયા હતા.

એક જણો કુલદીપનો ભાઈ હતો અને બીજો તેનો અજાણ્યો સાગરીત હતો. કેનાલ પાસે કુલદીપ જાદવ આવ્યો હતો. તેના હાથમાં રેવન્યૂ સ્ટેમ્પ લગોલા દસ્તાવેજો હતા અને મારકૂટ કરી સહી કરાવી લીધી હતી. આરોપીઓ તેને ફરી બાઈક પર બેસાડી રોડ પર ઉતારી ભાગી ગયા હતા. ફરિયાદી અગાઉ આરોપી પાસે બે લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. તે પૈકી થોડા રૂપિયા ચૂકવી દીધા હતા. જે નાણાની ઉઘરાણી માટે તેઓ પત્નીની દુકાને ગયા, ધાકધમકી કરી અને બાદમાં ફરિયાદીને માર મારી સહીઓ કરાવી હતી. જેથી વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે.

# કચ્છમાં પ્રાથમિક-માધ્યમિક શાળાઓની વાર્ષિક પરીક્ષા સંપન્ન : ટુંકમાં જ પરિણામની જાહેરાત

**૫ મેથી ઉનાળું વેકેશન શરૂ થાય તે પૂર્વે જ પરિણામો જાહેર કરવા ધમધમાટ : શિક્ષકો ઉત્તરવહીની ચકાસણીમાં વ્યસ્ત**

ભુજ : શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર અને જીસીઈઆરટીના શૈક્ષણિક આયોજન મુજબ ૪ એપ્રિલથી કચ્છની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જેમાં ધો.૩થી ૫ની પરીક્ષા ૧૫ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી અને ધો.૬થી ૮ની પરીક્ષા બીજા તબક્કામાં શરૂ થયા બાદ શુક્રવારના રોજ પૂર્ણ થઈ છે. આમ, ધો.૩થી ૮ની તમામ પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ હવે પરિણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે. બીજી બાજુ ખાનગી પ્રાથમિક શાળાઓએ વહેલી પરીક્ષા યોજી દીધી હોવાથી હાલમાં પરીણામ આપવામાં આવી રહ્યા છે. મોટાભાગની શાળાઓમાં શરૂ સપ્તાહમાં જ પરિણામ જાહેર કરી દેવામાં આવ્યા છે. સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષાની ઉત્તરવહીઓની ચકાસણી ચાલી રહી છે. શિક્ષકો ઉત્તરવહીની ચકાસણીની કામગીરીમાં જોતરાયા છે. ટુંક સમયમાં જ પરીણામો જાહેર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગેની વિગતો મુજબ કચ્છ સહિત રાજ્યમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓમાં ૪ એપ્રિલથી વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ હતી. જેમાં પ્રથમ તબક્કામાં ધો.૩થી ૫ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા ૧૫ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી અને ત્યારબાદ ૧૬ એપ્રિલથી ધો.૬થી ૮ની પરીક્ષાનો તબક્કો શરૂ થયો હતો. બીજા તબક્કાની પરીક્ષામાં શુક્રવારે છેલ્લું પેપર લેવામાં આવ્યું હતું. આમ, શુક્રવારે ધો.૬થી ૮ની બીજા તબક્કાની પરીક્ષા સાથે પ્રાથમિક વિભાગની તમામ પરીક્ષાઓ સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે. પ્રાથમિક વિભાગમાં પરીક્ષા પૂર્ણ થતાની સાથે જ ઉત્તરવહી મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ધો.૩થી ૫માં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જ્યારે ધો.૬થી ૮ની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી આગામી દિવસોમાં પૂર્ણ થશે. રાજ્યની શાળાઓમાં ૫ મેથી ઉનાળું વેકેશનનો સત્તાવાર પ્રારંભ થઈ રહ્યો છે, જેથી તે પહેલા તમામ પરિણામ જાહેર કરી દેવાનું આયોજન કરાયું છે. જેથી એપ્રિલના અંત સુધીમાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કર્યા બાદ મેના પ્રથમ સપ્તાહમાં પરિણામ જાહેર કરી દેવાશે.

# વરસામેડી પાસે શ્રમિકની હત્યા કરનારા આરોપીને શોધવા ટીમ બનાવાઈ

**કોઈ અજાણ્યા શખ્સો હથિયાર વડે યુવાનને મોતને ઘાટ ઉતારી ગયા હતા**

અંજાર : તાલુકાના વરસામેડી પાસે આવેલી વેલસ્પન કંપનીની લેબર કોલોની પાછળ બાવળની ઝાડીમાં ૨૨ વર્ષિય શ્રમિક યુવકની હત્યા કરી ફેંકી દેવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે પોતે ફરિયાદી બની હત્યારાની શોધખોળ હાથ ધરી છે.

પોલીસે સરકાર તરફે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધાવ્યો છે. મરણ જનાર વિનયકુમાર યાદવ બિહારનો વતની હતો અને વેલસ્પનમાં મજૂરી કરતો હતો. રાત્રે ૮ વાગ્યા પછી ગૂમ થયો હતો તેના ગળામાં જમણા ભાગે, માથામાં પાછળના ભાગે અને બંને હાથની આંગળીઓમાં તીક્ષ્ણ હથિયારથી થયેલી ઈજાના નિશાન જોવા મળ્યાં છે.

વેલસ્પન કંપનીમાં આવેલી પતરાં કોલોની પાછળ બાવળની ઝાડીમાં લાશ પડી હતી. વિનયની હત્યા કોણે કરી અને શા માટે તે સહિતના મુદ્દે અંજાર પીઆઈ એ.આર. ગોહિલે તપાસ હાથ ધરી છે.

# રાપર એપીએમસીના પ્રશ્નોનું ધારાસભ્ય દ્વારા સુખદ સમાધાન

**પ્રશ્નોનું નિરાકરણ લવાતા વેપારીઓએ હડતાલ સમેટી રવિવારે પણ એપીએમસીનું કામકાજ ચાલુ રાખ્યું**





રાપર : અહીં એ.પી.એમ.સી માર્કેટના વેપારીઓએ ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજાના ભચાઉ જાડેજા ફાર્મ મધ્યે મુલાકાત લઈને વેપારીઓને ભાડા વધારા કે અન્ય બે-ચાર રજૂઆતો બાબતે રજૂઆત કરાઈ હતી. ધારાસભ્ય દ્વારા તેમના પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપેલ છે.

વેપારીઓ સંતુષ્ટ થતાં તેમના દ્વારા જે હડતાલ કરેલ હતી, જે હડતાલ ગઈકાલે સમાપ્ત કરીને આજે રવિવાર હોવા છતાં પણ એ.પી.એમ.સી નું કામકાજ ચાલુ રહેશે એવી જાહેરાત કરેલ છે અને ધારાસભ્યનો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાપર એ.પી.એમ.સીના વેપારીઓ આગેવાનો શૈલેષભાઈ શાહ, કિર્તીભાઈ મોરબીયા, વાઘજીભાઈ પટેલ, ભાણજીભાઈ પટેલ, મનસુખલાલ ઠક્કર, અનુપ મહેતા, વિપુલ ઠક્કર વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ચૈત્રી દનૈયા સારા થયા હોવાથી વર્ષ સારૂ રહેવાનું અનુમાન**

# કચ્છમાં આગામી ૧૬થી ૨૦ મે દરમ્યાન કૃતિકા નક્ષત્રમાં વરસાદના યોગ

**અખાત્રીજના વહેલી સવારે ૯૬ મિનીટ સુધી પવનની દિશાના આધારે આગામી વર્ષના વરસાદનો વરતારો થશે**

ભુજ : ખગોળ વિદ્યા અને ભડલી વાક્યોના આધારે ૧૬થી ૨૦ મે દરમ્યાન કૃતિકા નક્ષત્રમાં વરસાદના યોગ છે. ચૈત્રી દનૈયા સારા થયા હોવાથી વર્ષ સારૂ રહેવાનું અનુમાન છે. આગામી તા. ૩૦ના અખાત્રીજ છે. આ દિવસે વહેલી સવારે ૯૬ મિનીટ સુધી પવનની દિશાના આધારે ચોમાસાનો વરતારો કરવામાં આવશે. હોળીની જ્વાળા, અખાત્રીજના પવન, ચૈત્રી દનૈયા, વનસ્પતિની ચેષ્ટા સહિતના આધારે આગામી વર્ષ કેવું રહેશે તેનું અનુમાન કરવામાં આવે છે. આ વર્ષે ચૈત્રી દનૈયા સારા થયા હોવાથી વર્ષ સારૂ થવાનું અનુમાન છે. ૧૬ મેથી ૨૦ મે દરમ્યાન કૃતિકા નક્ષત્રમાં કચ્છ સહિત રાજયના છુટાછવાયા વિસ્તારોમાં વરસાદના યોગ છે. ૧ મેથી ૪ મે દરમ્યાન હવામાનમાં પલ્ટો, ગરમીનું પ્રમાણ વધુ અને માવઠું થવાનું અનુમાન છે. ૨૯ મેથી ૧ જુન દરમ્યાન રોહિણી નક્ષત્રમાં વધુ ગરમી અને પવન સાથે વરસાદ જ્યારે ૧ જુનના કેરળમાં ચોમાસાનું આગમન, તા. ૬ જુનથી ૮ જુન દરમ્યાન વરસાદના યોગ છે. તા. ૩૦ના અખાત્રીજ છે, અખાત્રીજના પવન જોવા માટે પધ્ધતિ છે, વૈશાખ સુદ બિજની રાત્રે ૪:૩૫ મિનીટથી ૬:૧૧ મિનીટ સુધી ૯૬ મિનીટ સુધી પવનની દિશાના આધારે પણ આગામી વર્ષનું અનુમાન કરવામાં આવશે. અખાત્રીજ અતિ પવિત્ર અને શુભ દિવસ માનવામાં આવે છે. તે દિવસના પવનની દિશા પરથી આગામી વર્ષનું અનુમાન થઈ શકશે. જેમાં સૂર્યાસ્ત સમયે વાદળ થાય તો સારો વરસાદ થાય, રોગ વધે, નૈઋત્યમાં વાદળ થાય તો જુવાર ઘણી પાકે, વાયવ્યમાં વાદળ થાય તો બાજરો વધારે થાય, સૂર્યાસ્ત સમયે પશ્ચિમ સમયે વાદળા જણાય તો સર્વ ધાન્ય સારા પ્રમાણમાં થાય.

જો ઉત્તર પવન વાય તો ઉત્તમ વર્ષ થાય, વાયવ્ય પવન વાય તો સારા વરસાદના એંધાણ, પશ્ચિમ પવન વાય વનરાઈઓ ખીલી ઉઠે તેટલો વરસાદ થાય, નૈઋત્ય પવન વાય તો દુષ્કાળ પડે, દક્ષીણ પવન વાય તો કુવા-તળાવ સુકાઈ, અગ્નિ પવન વાય તો અનાજના કણ ન થાય, પૂર્વ પવન વાય તો અનાજ-ઘાસનો અભાવ, પશુ જાનહાની થાય, રોગ ફેલાય, ઈશાન પવન વાય તો યુધ્ધમાં સંડોવાય, તીડ, ઉંદર, જંતુ થકી પાકનો નાશ થાય તેવું અનુમાન છે.

# બોગસ હથિયાર લાયસન્સ પ્રકરણમાં આડેસરથી ત્રણ શખ્સો પકડાયા

**આરોપીઓને ઝડપી જામનગર પોલીસે કરોડોની જીએસટી ચોરીનો પર્દાફાશ કર્યો**

ગાંધીધામ : સુરતમાં બોગસ હથિયાર લાયસન્સ અને જામનગરમાં સરકાર સાથે ૧૫૦ કરોડની ઠગાઈ કરનારા આરોપીઓને આડેસર ચેકપોસ્ટ પાસેથી ઝડપી લેવામાં આવ્યા છે.

આ ગુનામાં આરોપી સત્યજીતસિંહ યોગેન્દ્રસિંહ જાડેજા, મયુરસિંહ ભરતસિંહ સોઢા તથા વનરાજસિંહ પ્રવિણસિંહવાળાની જામનગર એસ.ઓ.જી.એ કચ્છની આડેસર ચેકપોસ્ટ પાસેથી ધરપકડ કરી હતી.

આરોપીઓની પેઢીઓની તપાસ કરતા બોગસ સ્ટેમ્પ તથા નોટરી કરાર તથા ડમી સીમ કાર્ડ તથા બોગસ પેઢીઓના નામે બોગસ બીલીંગ કર્યાનું ખુલવા પામ્યું હતું. આરોપીઓ પાસેથી કુલ રૂપીયા ૧૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી કરવા આરોપીઓ તથા મુદ્દામાલ જામનગર સીટી સી-ડિવિઝન પોલીસ મથક ખાતે સોંપી દેવાયા છે.

મહત્ત્વની બાબત એ છે કે, આરોપીઓ છેલ્લા ચાર વર્ષથી કૌંભાડ ચલાવતા હતા. આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેમજ ૮૨ પેઢીના રબર સ્ટેમ્પ મળી આવ્યા છે. સુરતના બોગસ હથિયાર લાયસન્સ પ્રકરણમાં સંડોવણી ખુલી હતી. તેમજ જામનગરમાં સરકાર સાથે ૧૫૦ કરોડની ચીટિંગ આચરી હતી.

# નથ્થરકુઈ ગામે ભગવાન શ્રીરાધે કૃષ્ણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારી



ભુજ : તાલુકાના નથ્થરકુઈ આહીર સમાજ દ્વારા ભગવાન શ્રીરાધે કૃષ્ણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારી ચાલુ છે. તા. ૮, ૯, ૧૦મી મેના ઉત્સવ ઉજવવામાં આવશે, જેમા ૯-૫ના ધર્મસભા, સંતો મહંતોના સામૈયા, રાત્રે રાસોત્સવ, આરાધીવાણી, ભજનો, સંતવાણી વગેરે ઉજવવામાં આવશે. વડીલ અને માજી સરપંચ વેલાભાઈ જેઠાભાઈ દ્વારા ભવ્ય મંદિર બનાવી આપવામાં આવેલ છે. વેલાભાઈ આહીર પોતાની જીવનની મુડી મંદિર બનાવવા માટે વાપરી છે. ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય મહોત્સવ ધામધુમથી ઉજવવા આવશે. યુવક મંડળ, માતાઓ, બહેનો, વડીલો, ઉત્સાહ ભેર તૈયારીમાં લાગી ગયા છે. નથરકુઈ ગામમાં ૨૭ વર્ષ પહેલાં બિલેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. ૨૭ વર્ષ પછી આવો ઉત્સવ ઉજવવાનો સદભાગ્ય પ્રાપ્ત થયો છે. ગામના આગેવાનોને પશ્ચિમ કચ્છ આહીર સમાજના મંત્રી દાનાભાઈ નથુભાઈ આહીરની યાદી જણાવવામાં આવ્યું છે.આહિર વીરમ વીશાભાઈ, આહીર હીરાભાઈ લખાભાઈ, જીનાભાઈ વેલાભાઈ, પરબતભાઈ કાના, કાનજીદાદા કાપડી, ગાગાભાઈ જેસાભાઈ વગેરે કાર્યને સફળ બનાવવા માટે મહેનત કરી રહ્યા છે. પરમ પુજ્ય મહંત દીલીપરાજા દાદાના આશીર્વાદથી શ્રીરાધે કૃષ્ણનુ મંદિરનુ ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે.

# પ્રાથમિક-માધ્યમિક છાત્રોને અપાતી મામુલી સ્કોલરશીપ સામે કચ્છના વાલીઓ-વિદ્યાર્થીઓમાં નારાજગી

ભુજ : સમગ્ર રાજયમાં પ્રાથમિક શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા બાદ મેરિટના આધારે શિક્ષણ વિભાગ સમગ્ર રાજયમાં પ્રાથમિક વિભાગના ૧૦૦૦ અને માધ્યમિક વિભાગના ૨૯૦૦ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપશે. આ પૈકી પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીને એક જ વખત માટે ૭૫૦ રૂપિયા તથા માધ્યમિકના વિદ્યાર્થીને એક જ વખત માટે ૧૦૦૦ રુપિયા આપવામાં આવશે. જોકે મોઘવારીના જમાનામાં પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની નક્કી કરાયેલી રકમ મજાક સમાન છે. શનિવારે કચ્છમાં ૮૬૮૧ વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ પરીક્ષા આપી હતી. જેમાં પ્રાથમિક શિષ્યવૃતિ માટે ધો. ૬ માં અભ્યાસ કરતા ૭૨૬૫ અને માધ્યમિક શિષ્યવૃતિ માટે ધો. ૯ માં અભ્યાસ કરતા ૧૪૭૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે સ્કૂલના વિદ્યાર્થીને આ સ્કોલરશિપ મળે છે તે સ્કૂલને ગુણોત્સવમાં પોઝિટિવ માર્કિંગ મળે છે અને તેના કારણે સરકારી સ્કૂલો પણ પોતાના વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે તેવો આગ્રહ રાખે છે. વર્તમાન સમયમાં શિક્ષણ જયારે ખુબ જ મોઘું થયું છે ત્યારે શિષ્યવૃતિના નામે અપાતી ચણા - મમરા જેવી રકમમાં વધારો કરવામાં આવે તે ઈચ્છનીય છે તેવું શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રબુદ્ધ નાગરીકો જણાવી રહ્યા છે. મેરીટના આધારે અપાતી શિષ્યવૃતિની પરીક્ષા આપવા માટે પણ ઘણા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓના નાણા ખર્ચાઈ જતા હોય છે. પરીક્ષા માટે પૂર્વ તૈયારી કર્યા બાદ અને ગાંઠના પૈસા ખર્ચી કેન્દ્ર પર પરીક્ષા આપ્યા બાદ પણ જો વિદ્યાર્થીનું નામ મેરીટમાં ન આવે તો તેને શિષ્યવૃતિનો લાભ મળતો નથી. જે વિદ્યાર્થીને શિષ્યવૃતિ મળે છે તે પણ અપુરતી હોવાથી વિદ્યાર્થી કે વાલીને કોઈ ખાસ લાભ થતો નથી.

# અંજારમાં પરશુરામજીની જન્મજયંતિ ઉજવાશે

અંજાર : તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ સામાન્ય સભાનું પરશુરામ મંદિરે મળી હતી. જેમાં પહેલગામની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડીને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બ્રહ્મસમાજના આરાધ્ય દેવ ભગવાન પરશુરામજીની જન્મજયંતીની ઉજવણી સાદગી સાથે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સવારે નીકળનારી બાઈક રેલીનો કાર્યક્રમ કેન્સલ કરવામાં આવ્યો છે. બાકીના તમામ કાર્યક્રમો યથાવત રાખી સાદગીથી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. ભગવાન પરશુરામજી જન્મોત્સવ નિમિત્તે તા. ૨૯-૪ના મંગળવારના સવારે ૧૦:૩૦ કલાકે મહાઆરતી, સાંજે ૫ કલાકે નીલકંઠ મહાદેવ મંદિર સવાસર નાકા મધ્યેથી શોભાયાત્રા નીકળશે. જે શહેરના રાજ માર્ગો પરથી પસાર થઈ ટાઉનહોલ પહોંચશે. ૭:૩૦ કલાકે ટાઉનહોલ ગ્રાઉન્ડ મધ્યે સમૂહપ્રસાદનો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમોને સફળ બનાવવા અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ, ટ્રસ્ટીગણ, મહિલા પાંખના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# હરોડાની પવનચક્કીમાં ચોરી કરનારા ૭ ઈસમો ઝડપાયા, પાંચના નામ ખૂલ્યા

**આરોપીઓ પાસેથી ગેસ અને ઓક્સિજનની બોટલ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો**



ભુજ : લખપત તાલુકાના હરોડા ગામની સીમમાં આવેલ પવનચક્કીની બાજુમાં ટ્રાન્સફોર્મર કાપીને તેમાંથી કોપરની પટ્ટીઓની ચોરી કરવામાં આવી હતી. દોઢથી બે મહિના પહેલા આ ચોરી થઈ હતી. જે અંગે નરા પોલીસમાં ફરિયાદ થઈ હતી. આ ગુનામાં એલસીબીએ સાત શખ્સોને ઝડપી લીધા હતા.

હરોડા ગામના બસ સ્ટેશન પાસે ભેગા થઈ આરોપીઓ અન્ય ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપવાની ફિરાકમાં હતા ત્યાં દબોચી લેવાયા હતા. હરોડાના આમદ વેલા મંધરા, અબ્દુલ અબ્દ્રેમાન મંધરા, નુરમામદ સિધિક મંધરા, રઝાક લતીફ મંધરા, બાંડિયારાના ઓસમાણ જુસબ સંગાર, અભુભખર મુસા સંગાર, જતવાંઢના રહીમખાન ખમુ જતને પકડી લેવાયા હતા, જ્યારે બાંડિયારાના સુલેમાન સંગાર, હરોડાના ઈસ્માઈલ અલીમામદ મંધરા, રશીદ મુબારક મંધરા, આલમ નુરમામદ મંધરા અને ભુજના સમીર કુંભારને નામ ખુલવા પામ્યા છે. રાધણ ગેસનો બાટલો, ઓક્સિજન સિલિન્ડર, ગેસ કટર સહિતની નળી સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપીઓ ગુનાહિત ઈતિહાસ પણ ધરાવે છે. આ કોપરની પટ્ટીઓ ચોરીને સમીર કુંભારને આપી હોવાનું પણ સામે આવ્યું હતું. આરોપીઓને નરા પોલીસના હવાલે કરવામાં આવ્યા હતા.

# આદિપુરમાં પરીણિતાને ત્રાસ અપાયો

ગાંધીધામ :આદિપુરમાં બારવાળી વિસ્તારમાં પરીણિતાને ત્રાસ આપવામાં આવ્યો હતો.

આ બાબતે ફરિયાદી મીરાબેનના જણાવ્યા પ્રમાણે આરોપી પતિ હર્ષ ભરતભાઈ દક્ષિણી, સાસુ રમીલાબેન, નણંદ દિપ્તીબેન સુનિલકુમાર પૂજારા, કોમલબેન પ્રશાંતભાઈ કાથરાણીએ લગ્ન જીવન દરમિયાન ખોટી રીતે ત્રાસ આપી દહેજની માંગણી કરી હતી. પતિએ ઘરમાંથી કાઢી મુકતા આદિપુર મહિલા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

# નિવૃત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજની ચોથી પુણ્યતિથિએ વિવિધ સેવા કાર્યો કરાયા

ભુજ : કચ્છના નાગર જ્ઞાતિના અગ્રણી અને નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ સ્વ.નીલમભાઈ વોરાની ચોથી પુણ્યતિથિએ ભુજ ખાતે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ તકે ભૂંગા અને ઝુંપડાઓમાં ઠંડી છાશ, બાળકોને અલ્પાહાર અને હરતા ફરતા પાણીના પરબ દ્વારા રાહદારીઓને પાણી પીવડાવવામાં આવ્યૂં હતું. ઉપરાંત ઉનાળાને ધ્યાને લઈને પક્ષીઓને પક્ષી ઘર અને પાણીના કુંડા રામુબેન પટેલ તરફથી આપવામાં આવ્યા હતા. કચ્છના વરિષ્ઠ અગ્રણી અને નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ નીલમભાઈ વોરાની ચોથી પુણ્યતિથિએ વિવિધ સેવા કાર્યો સાથે આજે ભુજમાં ઉજવણી કરવામાં આવી હતી.

# સેવા, શ્રદ્ધા અને સંસ્કૃતિનો સંગમ: રામગઢમાં રામાપીરનો મેળો

કોટડા (ચકાર) : મુંદરા તાલુકાના રામગઢ (લફરા) ગામે રામનવમી નિમિત્તે ઉજવાતા રામાપીરના મેળામાં સેવા અને ભક્તિની અનોખી પરંપરા વરસોથી અખંડિત રહી છે. રામદેવપીરના મંદિરના આંગણે યોજાતા આ મેળાનો સર્વત્ર પ્રસિદ્ધ સંતવાણી કાર્યક્રમ આસપાસના જિલ્લાઓ અને મુંબઈ સુધીના ભક્તોને ખેંચી લાવે છે. આ પરંપરાની શરૂઆત થયેલી હતી સંતવાણીના સમ્રાટ ગણાતા સંત સ્વ. નારાયણ સ્વામીએ, જેમણે રામગઢ ગામમાં આ પવિત્ર સંસ્કૃતિનું પથ્થર મુક્યો. તેમના શ્રદ્ધાંજલિરૂપે છેલ્લા ઘણા વર્ષોથી સ્વ. પ્રતાપસિંહ જાડેજા અને સ્વ. મણિલાલ સોની (મુંબઈવાળા) પરિવાર આ મેળો પોતાની ખર્ચે યોજે છે, જેના કારણે ભક્તિ, સંગીત અને સંસ્કારનો ભાવક ભવ્ય માહોલ સર્જાય છે.વિશિષ્ટ બાબત એ છે કે મેળામાંથી થતી આવક ગામની ગાયોની ચારોપાણી માટે વપરાય છે. આ નિજ્ઞાર્થ સેવા અને દાનની ભાવનાને આજે પણ પી.એલ. જાડેજા પરિવાર યથાવત્ રાખી રહ્યો છે. સમગ્ર મેળો "ધર્મથી પણ વધુ ઉંચો છે સેવા" એવો સંદેશો આપે છે.આ ઉમદા પ્રસંગે કચ્છના ધારાસભ્ય અને રાજપૂત સમાજના પ્રમુખ શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા, ક્ષત્રિય સમાજના પૂર્વ પ્રમુખ જોરૂભા રાઠોડ, મેઘુભા ઝાલા, અશોક ઠક્કર, દિગુભા ગોહિલ, હરિસિંહ સોઢા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થાની જવાબદારી ખેંગારજી, જટુભા રાઠોડ, અજીતસિહ રાઠોડ, જટુભા જાડેજા અને રાસુભા જાડેજાએ સફળતાપૂર્વક સંભાળી હતી. મેળો ભક્તિથી ભીનાયેલી ભાવભીની યાદગાર ક્ષણો બનાવી ગયો.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા ખંભરાના દંપત્તિના વારસદારોને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આર્થિક મદદ કરાઈ



અંજાર : તાલુકાના ખંભરા ગામના મારૂ વણકર સમાજના સ્વ. મેઘજીભાઈ હરિલાલભાઈ વણકર અને તેમના ધર્મપત્ની સ્વ. જ્યોતિબેન મેઘજીભાઈ વણકરનું તા. ૬-૭-૨૦૨૩ના માધાપર પાસે રોડ અકસ્માતમાં અવસાન થયેલ હતું. તેમના પરિવારમાં બે દીકરી અને એક દીકરો છે જે અભ્યાસ કરે છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આર્થિક સહાય માટે સાંસદ વિનોદભાઈ ચાવડા પાસે રજૂઆત કરેલ હતી. તેમણે અંગત રસ લઈને પરિવારને સહાય મળે તે માટે પ્રયત્ન કરતા જે અનુસંધાને તે રકમ રૂપિયા ૮ લાખ મંજૂર થઈને તેમના ખાતામાં જમા થયેલ છે જેમાં અકસ્માત અવસાન થયેલ પરિવારને સરકાર દ્વારા રાહત ફંડ માંથી આર્થિક મદદ મળી હોય. આવા દુ:ખમાં મદદરૂપ થનાર સાંસદ વિનોદભાઈ ચાવડાનો પરિવારવતી બંને દીકરી અને પુત્ર અને માતા જશીબાઈ તેમજ મારૂ વણકર સમાજના અગ્રણી પ્રેમજી મંગરિયા, ગાભુભાઈ વણકર, નાનજીભાઈ ખરેટ, જેઠાલાલ મંગરીયા, હેમરાજ મણોઢીયા અને રમેશ સુંદરાએ રૂબરૂ મુલાકાત કરી આભાર વ્યક્ત કર્યું હતું.

# ભુજમાં મિલિટરી સેવાના નિવૃત્ત કર્મચારીઓ માટે રેલીનું આયોજન

ભુજ : મિલિટરી એન્જિનીયર્સ સેવાના નિવૃત્ત કર્મચારી અને તેમના પરિવારજનો માટે ભુજમાં એક વિશેષ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી ૫મી મેના રોજ સવારે ૯ વાગ્યે, સીડબલ્યુઇ (એરફોર્સ) ભુજ કચેરીની બાજુમાં ખાવડા રોડ પર યોજાશે. રેલીમાં નિવૃત્ત કર્મચારી અધિકારીઓના વિવિધ પ્રશ્નો અને ચિંતાઓ પર વિચારણા કરવામાં આવશે, જેમ કે મેડિકલ, પેન્શન, આધારકાર્ડ અને અન્ય પ્રકારના લાભો. ઉપસ્થિત નિષ્ણાતો અને અધિકારીઓ દ્વારા મેડિકલ, પેન્શન અને અન્ય જરૂરી વિધિઓ પર માર્ગદર્શન આપવામાં આવશે. આ રેલીમાં ભાગ લેવા માટે, યુદ્ધવિદ અને તેમના પરિવારજનોને ૨ મૈટ સુધી યાશિક ચોહાણ (મોબાઈલ : ૯૦૯૯૬ ૬૫૦૯૫) પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. વધુ માહિતી અને કોઈપણ પ્રશ્નો માટે ગૌરાંગ પટેલ (મોબાઈલ : ૯૧૪૯૨ ૯૪૭૬૮) સાથે સંપર્ક કરી શકો છો.

# રાપરમાં પહેલગામ હુમલાના વિરોધમાં સૂત્રોચ્ચાર




રાપર : તાજેતરમાં જમ્મુ અને કાશ્મીર ના પહેલગામ મા આંતકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા, જે અંગે સમગ્ર દેશમાં વિરોધ ઉઠયો છે. વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર ખાતે વિવિધ સંસ્થાઓ અને ભાજપ દ્વારા દેના બેંક ચોક ખાતે હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આગેવાનો તથા સંસ્થા દ્વારા વિરોધ કરી પાકિસ્તાન સામે પગલાં લેવા જોઈએ તથા આંતકવાદીઓ સામે પગલાં લેવાની માંગણી સાથે પાકિસ્તાન હાય હાય હાય આંતકવાદી હાયના નારા સાથે પાકિસ્તાનના રાષ્ટ્ર ધ્વજ સાથે આંતકવાદીના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલુકા ભાજપના પ્રમુખ નશાભાઈ દૈયા, નિલેશ માલી, અનોપસિંહ વાઘેલા, હઠુભા સોઢા, મેમાભાઈ ચૌહાણ, મદુભા વાઘેલા, ઉમેશ સોની, ગુમાનસિંહ સોઢા, ધર્મેન્દ્રભાઈ, નવિન માલી, રાસુભા સોઢા, કમલેશ રાઠોડ, હરીભાઈ રાઠોડ, રમઝાન મહિડા, ભરત રાજદે, વિનોદભાઈ થાનકી, લાલજી કારોત્રા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘપર (બો)માં યુવાનનો આપઘાત

અંજાર : તાલુકાના મેઘપર (બોરીચી) વિસ્તારમાં રહેતા યુવાને આપઘાત કરી લીધો હતો.

૨૭ વર્ષિય જય નારાયણ ઠાકોરે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લીધો હતો. શંકાસ્પદ રીતે યુવાન મૃત હાલતમાં મળી આવતા હાલ પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.



રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના ગુજરાત પ્રદેશ પ્રમુખ સાધ અજીજભાઈ દ્વારા કાશ્મીરના પહેલગામ આતંકવાદી હુમલામાં મુતકોના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ વેળાએ રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના હોદેદારો, સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રણકાંધીએ મેળાનો વિધિવત પ્રારંભ

# અઢી લાખ શ્રદ્ધાળુઓએ હાજીપીર વલીની દરગાહે ટેકવ્યું માથું







**હાજીપીરના મેળામાં ઉમટ્યો માનવ મહેરામણ : મુંજાવર પરિવાર, ધારાસભ્ય સહિતનાઓના હસ્તે સાદગીપૂર્ણ રીતે મેળો ખુલ્લો મુકાયો : પહલગામ હુમલાનો ભોગ બનેલા હતભાગીઓને અપાઈ શ્રદ્ધાંજલિ**

## લાઈટ-પાણીની અપુરતી સુવિધાથી કચવાટ

હાજીપીર વલીના મેળા ટાંકણે પાણી અને લાઈટની અપુરતી વ્યવસ્થાથી કચવાટ ફેલાયો હતો. શુક્રવાર સાંજથી વીજળીનો પુરવઠો પણ અનિયમિત રહેતા ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. આ અંગે જિલ્લા કલેકટર, ભુજ અને અબડાસાના ધારાસભ્યોને રજુઆત કરવામાં આવી હતી.

ભુજ : કચ્છની રણકાંધીએ આવેલ કોમી એકતાના પ્રતિક સમાન હજરત હાજીપીર વલી (ર.અ.)ના ત્રિ-દિવસીય મેળાનો વિધિવત પ્રારંભ થયો છે. આજે સવાર સુધી અઢી લાખ જેટલા શ્રદ્ધાળુઓએ હાજીપીર વલીની દરગાહ પર માથું ટેકવ્યું હતું. ગઈકાલથી જ મેળામાં ભારે ભીડ જોવા મળી રહી છે. આજે સવારથી જ શ્રદ્ધાળુઓનો પ્રવાહ મેળા ભણી ફંટાયો છે. ગઈકાલે અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, મુંજાવર પરિવાર અને આગેવાનોના હસ્તે ત્રિ-દિવસીય મેળાને ખુલ્લો મુકાયો હતો. હિન્દુ વિધવાની ગાય માટે બલીદાન આપનાર હજરત હાજીપીર વલીની દરગાહે છેલ્લા ૮૦૦ વર્ષથી મેળો ભરાય છે. આ મેળામાં કચ્છ ઉપરાંત કાઠિયાવાડ, જામનગર, મુંબઈ વગેરે સ્થળોએથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટે છે. મેળાના પ્રારંભ પ્રસંગે ધારાસભ્યશ્રીએ આ યાત્રાધામના વિકાસ માટે ખુટતી કડીઓની પૂર્તતા સાથી ધારાસભ્ય કેશુભાઈ પટેલ સાથે મળીને કરવાની ખાત્રી આપી હતી. હાજીપીરના રસ્તા માટે મંજૂર થયેલ ૯૫ કરોડના કામનો જોબ નંબરનો પત્ર પણ મુંજાવર પરિવારને અર્પણ કર્યો હતો. મેળાના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને વખોડયો હતો. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ભોગ બનેલા હતભાગીઓને શ્રદ્ધાંજલિ સાથે મેળાને સાદગીપૂર્ણ રીતે ખુલ્લો મુકાયો હતો.

આ વેળાએ અનુબાપુ સૈયદ અંજારવાળા, હાજી ગફુર શેખ, મુસ્લિમ હિતરક્ષક સમિતિના પૂર્વ પ્રમુખ હાજી ઈબ્રાહીમ હાલેપોત્રા, સરપંચ હાજીભાઈ મુંજાવર, રાજુભાઈ સરદાર, કોર કમિટીના પ્રમુખ ઈકબાલ જત, તલાટી અમીન સમા, હાજીપીર મુંજાવર સમિતિના અબ્બાસ મુજાવર, હાજી ઈસ્માઈલ ભચાયા, હાજી દાઉદભાઈ, હાજી ઈસ્માઈલભાઈ, ઈરફાન હાલેપોત્રા, હાજી અબ્દ્રેમાન આચાર સાલે, સિધિક રમજાન, યાકુબ મુતવા, હોતખાન મુતવા, હાજી ગફુર શેખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## નખત્રાણા હાઈવે પર સર્જાયો ટ્રાફીકજામ



સોદ્રાણાના શહેનશાહ હાજીપીર વલીના મેળામાં માનવ મહેરામણ ઉમટયો છે. પ્રવાસીઓના ભારે પ્રવાહના પગલે નખત્રાણાના મુખ્ય રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો છે. કેટલાક પ્રવાસીઓ દ્વારા રોડ વચ્ચે વાહનો પાર્ક કરી દેવાતા મુશ્કેલી વધી હતી. નખત્રાણાથી હાજીપીર જતા માર્ગ પર ટ્રાફીક વ્યવસ્થાનું યોગ્ય સંચાલન કરવામાં આવે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

# ભુજ લોહાણા મહાજન દ્વારા પહેલગામમાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલી અપાઈ




ભુજ : ભુજ લોહાણા મહાજન શુક્રવારે સાંજે નાનજી સુંદરજી સેજપાલ ભુજ લોહાણા મહાજનવાડી મધ્યે જમ્મુ-કશ્મીરના પહેલગામ મધ્યે થયેલ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા સહેલાણીઓની આત્માને શાંતી મળે તે માટે શ્રધ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વધર્મ સંભાવની ધુન બોલાવી અને કેન્ડલ પ્રગટાવીને તથા બે મીનીટનું મૌન રાખી પાડી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, અખિલ કચ્છ લોહાણા મહાજનના પ્રમુખ સુરેશભાઈ ઠક્કર, મહામંત્રી નિતીનભાઈ ઠક્કર ભુ.લો. મના મંત્રી હીતેશભાઈ ઠક્કર, ખજાનચી મૂળરાજભાઈ ઠક્કર, સહમંત્રી સંજયભાઈ ઠક્કર, ડો. પ્રફુલ્લાબેન કોટક, મહીલા આશ્રમના પ્રમુખ હર્ષદભાઈ ઠક્કર (હકી), રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ જયેશભાઈ સચદે, કોમર્શીયલ બેંકના ચેરમેન કલ્પેશભાઈ ઠક્કર, યુવા મંડળના પ્રમુખ નીલ સચદે, મહીલા મંડળના પ્રમુખ મમતાબેન વી. ઠક્કર, કારોબારી સભ્યો, સંલગ્ન સંસ્થાઓ, વિવિધ મિત્રમંડળના સભ્યો, સોશ્યલ ગ્રુપના સભ્યો, જ્ઞાતિજનો વગેરે ઉપસ્થિત રહયા હતા.

# કચ્છ જિલ્લા ભીમ આર્મી ભારત એકતા મિશનના હોદ્દેદારે વરાયા




ગાંધીધામ : કચ્છમાં વિસ્તૃત સમાજલક્ષી કાર્ય કરતા ભીમ આર્મી ભારત એકતા મિશનના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કમલેશ ધવલ દ્વારા કરાયેલ જાહેરાતના અનુસંધાને અંજાર સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પ્રમુખ હરિભાઈ આલાભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં નવી કારોબારીની નિમણુક કરવામાં આવી હતી, જેમાં જિલ્લા ઉપપ્રમુખ દેવજીભાઈ ખમુભાઈ વણકર, મહામંત્રી ભીમજીભાઈ બોરીચા, ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી લખમણભાઈ વાઘેલા, ગુજરાત સંગઠન મહામંત્રી મોહન સીજુ, ઉપપ્રમુખ હરેશભાઈ એમ. રોલા, સંગઠન મંત્રી જિતેન્દ્ર દેવજી દાફડા, દેવરાજ દાફડા, ખજાનચી નવીન મીઠુ સીજુ, લીગલ કચ્છ જિલ્લા એડવોકેટ બલિયા રતનશીભાઈ, અંજાર તાલુકા પ્રમુખ ધનજીભાઈ થારૂ, માંડવી તાલુકા પ્રમુખ હાર્દિકભાઈ ડોરૂ, ગાંધીધામ તાલુકા પ્રભારી રમેશભાઈ પી. વણકર, ગળપાદર ગ્રામ્ય પ્રમુખ જીવણભાઈ કાંઠેચા, અંજાર તાલુકા મંત્રી દિલીપભાઈ મ્યાત્રા, જિલ્લા સંગઠન મંત્રી કલ્પેશભાઈ મેરિયા, સભ્ય જીગરભાઈ મેરિયા, દિનેશ કાંઠેચા, ઈશ્વરભાઈ કાગી વગેરે જોડાયા હતા.

**શ્રી ભારાપર પંચાયત પ્રા. શાળા ગાંધીધામ (કચ્છ)**

E-mail: bharaparschool1962@gmail.com સંપર્ક નં.: ૯૬૮૭૯૭૦૧૪૭

**જાહેર હરાજી–નિવિદા**

આથી શ્રી ભારાપર પં. પ્રા શાળા, ગાંધીધામ (કચ્છ) ના શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા શ્રી ભારાપર પં. પ્રા શાળા, ભારાપર, ગાંધીધામમાં આવેલ પાકા રૂમ-૫ (પાંચ) જર્જરિત હાલતમાં હોઇ તોડી તેનો કાટમાળ લઇ જવાની શરતે જાહેર હરાજી શ્રી ભારાપર પં પ્રા શાળા, ભારાપર ગાંધીધામ મધ્યે તા ૧/૦૫/૨૦૨૫ ગુરૂવારના સવારે ૯:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરાજીમાં ઉપસ્થિત વ્યકિતઓને હરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

અધ્યક્ષશ્રી,
બોરિયા મેઘાભાઈ કાનાભાઈ
શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી)
શ્રી ભારાપર પં.પ્રા શાળા

આચાર્યશ્રી,
મકવાણા પરસોતમ ગોવાભાઈ,
શ્રી ભારાપર પં.પ્રા શાળા
ગાંધીધામ-કચ્છ.

|| જય જલારામ ||

**શ્રી આદિપુર લોહાણા સમાજ**

**::: સામાન્ય સભા :::**


શ્રી આદિપુર લોહાણા સમાજ વિસ્તારમાં વસવાટ કરતા દરેક લોહાણા જ્ઞાતિજનો ને જણાવવાનું કે, શ્રી આદિપુર લોહાણા સમાજની એક સામાન્ય સભા **તારીખ ૦૪-૫-૨૦૨૫ રવિવાર સાંજે ૦૫-૩૦** કલાકે નીચે જણાવેલ એજન્ડાઓની ચર્ચા-વિચારણા માટે રાખવામાં આવેલ છે. આ મિટીંગમાં દરેક જ્ઞાતિજનોને સમયસર હાજર રહેવા માટે વિનંતી સહ જણાવવામાં આવે છે.

**::: મીટીંગના એજન્ડાઓ :::**

- ગત સામાન્ય સભાની મીટીંગની મિનીટસનું વાંચન-બહાલી
- વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ માર્ચ સુધીનું હિસાબોની રજુઆત બહાલી
- વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮ સુધીની કારોબારીની રચના અંગે ચર્ચા-વિચારણા અને નિર્ણય
- પ્રમુખશ્રીની સહમતીથી જે રજૂઆત થાય તે બાબતની ચર્ચા-વિચારણા અંગે

સ્થળ: શ્રીમતી ધનલક્ષ્મીબેન નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર (થાણાવાલા) શ્રી આદિપુર લોહાણા મહાજન વાડી-આદિપુર-કચ્છ

અશોકભાઈ એમ કારીયા, પ્રમુખશ્રી — લિ. — મનીષભાઈ ડી. મજીઠીયા, મંત્રીશ્રી



# પૂર્વ કચ્છ પોલીસનો સપાટો : સ્પામાં કામ કરતી છ બાંગ્લાદેશી મહિલા પકડાઇ

ભુજ : પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પગલે ગુજરાત પોલીસે હવે સર્તકતા વધારી છે. ખાસ કરીને રાજ્યમાં ગેરકાયદે રીતે વસતા બાંગ્લાદેશી અને પાકિસ્તાની નાગરિકોને શોધવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં પહેલી વખત બાંગ્લાદેશી ઘુસણખોરો પર સ્ટ્રાઈક કરી મહાનગરોમાં એક જ રાતમાં ૧ હજાર બાંગ્લાદેશીને ઝડપી લેવામાં આવ્યા હતા. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઘૂસણખોરોને બે દિવસમાં સરેન્ડર કરવા માટે ચિમકી આપી છે. તો ડીજીપી વિકાસ સહાય દ્વારા રાજ્યની તમામ પોલીસોને આદેશ આપી ગેરકાયદે વસ્તા નાગરિકોને શોધવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ નકલી દસ્તાવેજ બનાવનારા સુધી તપાસ માટે નિર્દેશ અપાયા છે ત્યારે પૂર્વ કચ્છ પોલીસે છ બાંગ્લાદેશી મહિલાઓને ઝડપી પાડી છે.

પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર દ્વારા જિલ્લામાં સ્પા, લાકડાના બેન્સા, ફેક્ટરી, કારખાના, હોટલ ધાબા વગેરે જગ્યાએ ચેકિંગ કરી ગેરકાયદે વસ્તા બાંગ્લાદેશી નાગિકોને શોધવા માટે સૂચના આપવામાં આવી હતી. એલસીબી, એસઓજી, સ્થાનિક પોલીસની ટીમો દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેવામાં મેઘપર (બોરીચી) સંતકૃપા સોસાયટીમાં આવેલ બ્લેક બુદ્ધા સ્પા અને ગાંધીધામમાં આવેલ બ્લેક રોઝ સ્પા ખાતેથી છ બાંગ્લાદેશી મહિલાને ઝડપી લેવામાં આવી હતી. ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરી હતી અને ભારતમાં બનાવટી આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડ બનાવ્યા હતા. આ બાંગ્લાદેશી મહિલાઓને પરત વતન મોકલવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. પકડાયેલા બાંગ્લાદેશીની જો વાત કરવામાં આવે તો ન્યુ બ્લેક બુદ્ધા સ્પામાંથી સર્મિન રફીક શેખ, લીમા રફીક શેખ, પરીવાના અબ્દુલ્લા શેખ, આસ્મા રજાક ગાંજી, બ્લેક રોઝ રિલેક્ષ સ્પામાંથી શબીના બેગમ ઝહરઅલી અને જહાનારા ઉર્ફે જનત સલીમ શેખની અટકાયત કરાઈ હતી. ઝડપાયેલ મહિલાઓ ૨૪થી ૩૫ વર્ષની આયુ ધરાવે છે તે પૈકી સર્મિન સાથે તેનું બાળક પણ છે. શબીના પાસે ભારત ઉપરાંત બાંગ્લાદેશ સરકારનું રાષ્ટ્રીય આઈડી કાર્ડ પણ મળી આવ્યું છે. આ કામગીરીમાં ડીવાયએસપી એમ.પી.ચૌધરી, એલસીબી પીઆઈ એન.એન. ચૂડાસમા, અંજાર પીઆઈ એ.આર.ગોહિલ, પીએસઆઈ ડી.જી.પટેલ સહિતના જોડાયા હતા.



**ગેરકાયદે રીતે ભારતમાં ઘુસણખોરી કરી મેઘપર (બોરીચી) ના ન્યુ બ્લેક બુદ્ધા અને ગાંધીધામના બ્લેક રોઝ રિલેક્ષ સ્પામાં કામ કરતી હોવાનું સામે આવ્યું : ભારતમાં ખોટા આધારકાર્ડ પણ બનાવ્યા**

## કચ્છમાં લાંબા સમયના વિઝા પર ૧૭૦ પાકિસ્તાની કરે છે વસવાટ

હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવા માટે ચેતવણી આપી છે. જે બાદ ગુજરાતમાં લાંબા સમય અને ટુંકા સમયના વિઝા પર આવેલા પાકિસ્તાની નાગરિકોની શોધખોળ કરવામાં આવી. જેમાં ગુજરાતમાં કુલ ૯,૯૧૦ પાકિસ્તાની રહેતા હોવાનું સામે આવ્યું છે. જેમાં પશ્ચિમ કચ્છમાં ૧૩૬ અને પૂર્વ કચ્છમાં ૩૪ પાકિસ્તાની લાંબા સમયના વિઝા પર રહેતા હોવાનું સામે આવ્યું છે. આ પાકિસ્તાની નાગરિકોને ડિપોર્ટ કરવા માટે સરકારના નિર્દેશ પ્રમાણે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## પશ્ચિમ કચ્છ પોલીસ હજુ પણ સુષુપ્ત

પશ્ચિમ કચ્છમાં ખાવડા અને લખપત બોર્ડરે રણ સરહદ, નલિયા, જખૌ, કોટેશ્વર સહિતના દરિયાઈ કિનારેથી દરિયા અને હવાઈ સરહદ આવેલી છે. પાકિસ્તાનની સૌથી નજીક આવેલો આ જિલ્લો છે. જેથી આ જિલ્લામાં નાપાક ગતિવિધિ અટકાવવી ખુબ જરૂરી બની રહે છે. જોકે, હજુ સુધી પશ્ચિમ કચ્છ જિલ્લામાં પોલીસ દ્વારા કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નથી. અમદાવાદમાં ૧ હજાર બાંગ્લાદેશી પકડાયા, સુરત, વડોદરા તમામ સ્થળોએ કાર્યવાહી થઈ. ગાંધીધામમાં પણ સ્પામાં કામ કરતી મહિલાઓ પકડાઈ છે પરંતુ હજુ સુધી પશ્ચિમ કચ્છ જિલ્લામાં આ દિશામાં ખાતું ખુલ્યું નથી. રવિવાર બપોર સુધી આ લખાય છે ત્યારે પશ્ચિમ કચ્છમાં કોઈ પણ બાંગ્લાદેશી પોલીસે પકડ્યા નથી તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

## ૬૩૫૯૬ ૨૬૮૪૫ : ઘૂસણખોરોની આ નંબર પર કરો જાણ

પૂર્વ કચ્છ પોલીસે જાહેર જનતાને એપીલ કરતા જણાવ્યું કે, આપની આજુબાજુ ધંધા કે નોકરીના સ્થળે બાંગ્લાદેશી, પાકિસ્તાની કે અન્ય કોઈ દેશના ઘૂસણખોરો રહેતા હોય તો તેની માહિતી પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ કન્ટ્રોલ રૂમ નં.૬૩૫૯૬ ૨૬૮૪૫ આપવામાં આવે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. પોલીસને સહકાર આપવા વિનંતી કરાઈ છે.

# આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વાગડમાં પોલીસે ૬૦૦ થી વધુ પરપ્રાંતિયોનું વેરિફિકેશન કર્યું

રાપર : તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૨૬ લોકોના મોત થયા બાદ સમગ્ર દેશમાં પાકિસ્તાની તથા બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના નાગરિકોની તપાસ હાથ ધરવામાં આવી છે તે અન્વયે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા કચ્છ જિલ્લામાં પણ પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરી છે.

વાગડ વિસ્તારમાં રાપર, ભચાઉ તાલુકાના સરહદી વિસ્તાર તથા હાઈવે પટ્ટી પર આવેલી કંપનીઓ તથા હાઈવે હોટલ તથા અન્ય સંસ્થાઓમાં નોકરી કરતા પરપ્રાંતિય લોકોની તપાસ હાથ ધરવામાં આવી છે. આડેસર પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.વાળા તથા સ્ટાફ દ્વારા ૧૬૫ જેટલા પરપ્રાંતિય નાગરિકોના આધારોની ચકાસણી કરવામાં આવી હતી. ગાગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પીઆઈ વી.એ.સેગલ તથા સ્ટાફ દ્વારા ૧૮ પરપ્રાંતિય નાગરિકના આધાર-પુરાવા તપાસવામાં આવ્યા હતા. તો લાકડિયામાં પીઆઈ જે એમ .જાડેજાના વડપણ હેઠળ જર્મન સ્ટીલ, દીપ, મીના, ઓરિયન્ટલ, કામધેનુ સહિતની કંપનીઓમાં કામ કરતા પરપ્રાંતિયોની તપાસ કરવામાં આવી હતી. રાપર શહેર મા જુદા જુદા વિસ્તારોમાં ૨૬ નાગરિકની તપાસ પીઆઇ જે.બી.બુબડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સામખીયારી ખાતે આવેલ ઈ.ટી.અને ગ્લેન્ટ કંપનીમાં કામગીરી કરતા પરપ્રાંતિયની કોલોનીમાં રહેતા પરપ્રાંતિય પરીવારોની તપાસ સામખિયાળી પીઆઈ વી.કે ગઢવી તથા સ્ટાફ દ્વારા સાંજના પાંચ વાગ્યાથી રાત્રીના દશ વાગ્યા દરમિયાન કરાઈ હતી. ખડીર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પીઆઈ એમ.એન. દવે તથા ટીમ દ્વારા રાઉન્ડ ધ કલોક પોલીસ, બીએસએફ તથા અન્ય એજન્સીઓ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વાગડ વિસ્તારમાં પરપ્રાંતિયોની તપાસ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું.





**લેબર કોલોની તેમજ હોટલોમાં તપાસ કરી આધાર-પુરાવા ચેક કરવામાં આવ્યા : ખડીર બોર્ડરે બીએસએફ દ્વારા જાપતો વધારાયો**

# સસ્તામાં સોનું આપવાનું કહીં ભુજમાં ૮ લાખ પડાવી લેવાયા

**ચિટરોનો પશ્ચિમ કચ્છ પોલીસને પડકાર, 'રોક શકો તો રોક લો' : દિલ્હીના ભોગ બનનાર વૃદ્ધે ભુજના ગાંધીનગરીના બે ઈસમો સામે નોંધાવી ફરિયાદ**

ભુજ : સસ્તા સોનાના નામે એક જ મોડસ એપરેન્ડીથી સમગ્ર દેશભરમાં ઠગાઈ કરનાર ભુજના ચીટરો સામે કાર્યવાહી કરવામાં પોલીસ નબળી પડતી હોય તેમ વધુ એક બનાવ સામે આવ્યો છે. એક તરફ રાજ્યના પોલીસ વડા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહીની સૂચના આપે છે. ગૃહમંત્રી હર્ષ સંઘવી ગુજરાતમાં કોઈપણ ચમરબંધીને છોડવામાં નહીં આવે તેવા નિવેદન આપે છે. જોકે, ભુજ પોલીસ ઉપરી સૂચનાઓની અવગણના કરતી હોય તેમ અહીં સસ્તા સોનાના ચીટરો બેફામ બન્યા છે. તાજેતરમાં એલસીબી દ્વારા સસ્તા સોનાના ચીટરો સામે ગેંગ બનાવી, બેનામી મિલ્કત સહિતના ગુના દાખલ કરવામાં આવ્યા છતાં ચીટરોની હિંમત તુટી નથી. હજુ પણ નિર્દોષ લોકોને શિશામાં ઉતારી રહ્યા છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ દિલ્હીમાં રહેતા ૬૨ વર્ષિય મિગ્રેશ ઉમેદરામ દિવાકરના જણાવ્યા પ્રમાણે તેમણે ત્રણ મહિના પહેલા ઈન્ડિયા માર્ટ વેબસાઈટ પર આયાતી ગોલ્ડની રિકવેસ્ટ નાખતા તેમને ફોન આવ્યા અને સામાવાડાએ અમીન હનીફ સોઢા બોલતો હોવાનું કહીં પોતે સોનું ઈમ્પોર્ટ કરે છે અને કેટલું સોનું જોઈશે તેમ કહ્યું હતું. બાદમાં અમદાવાદ ખાતે ૨૧ જાન્યુઆરીના અમીન સોઢા અને નવાબ હારૂન ત્રાયા મીટિંગ કરવા માટે ગયા હતા. જ્યાં કહ્યું હતું કે, અમારું કન્સાઈનમેન્ટ આવી ગયું છે અને કસ્ટમ તેમજ પોર્ટમાં ક્લિયરન્સ મળ્યા બાદ ભુજ ઓફિસે આવીને માલ લઈ લેજો. હિલગાર્ડન પાસે બોલાવી અમીનની ગાંધીનગરી ખાતે આવેલ ઓફિસમાં લઈ જઈ બિસ્કિટ બતાવ્યું હતું. બાદમાં ફરી આવી સોદા પેટે આઠ લાખ રૂપિયા આપ્યા હતા અને બિસ્કિટ અમદાવાદમાં મળી જશે તેમ કહ્યું હતું. અમદાવાદ ગયા ત્યારે બિસ્કિટ મળ્યા ન હતા. અવાર-નવાર માત્ર ખોટા વાયદા કરવામાં આવ્યા હતા. પૈસા લઈ બિસ્કિટ ન અપાતા બન્ને જણા સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ છે.

# ગાંધીધામમાં કોકેઈન વેચવા આવેલા પંજાબના બે શખ્સો રંગે હાથ પકડાયા



**બી-ડિવિઝન પોલીસે ગેસ્ટહાઉસના રૂમમાં દરોડો પાડી ૨૯ લાખનું કોકેઈન કબજે કર્યું : માલ ખરીદનારની શોધખોળ જારી**

ગાંધીધામ : તાજેતરમાં મુન્દ્રા વિસ્તારમાં કોકેઈન વેચતા રાજસ્થાના બે શખ્સોને મુન્દ્રા પોલીસે દબોચી લીધા હતા. ત્યારે ગાંધીધામમાં સ્થાનિક પોલીસે કોકેઈન વેચવા આવેલા પંજાબના બે શખ્સોને રંગેહાથ દબોચી લીધા છે. કુલ ૨૯ લાખનું કોકેઈન કબજે કરવામાં આવ્યું છે.

આ બાબતે મળતી વિગતો મુજબ પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર દ્વારા જિલ્લામાં ડ્રગ્સની બદી અટકાવવા માટે સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત બી-ડિવિઝન પીઆઈ એસ.વી.ગોજિયાને બાતમી મળી કે, બસ સ્ટેશન પાસે આવેલ મુકેશ ગેસ્ટહાઉસમાં પહેલાં માળે રૂમ નં.૧૨૬ મા બે પંજાબી માણસો રોકાયા છે અને ડ્રગ્સ લઈને આવ્યા છે. જેથી દરોડો પાડવામાં આવ્યો હતો. હોટલના રૂમમાં તપાસ કરીને પંજાબના તરનતારન જિલ્લાના જસવિંદરસિંગ જોગિંદરસિંગ અને સતનામસિંગ મેજરસિંગને ઝડપી લેવાયા હતા. બન્ને ઝડતી કરતા કુલ ૨૯.૦૮ ગ્રામ કોકેઈન તેમજ વજન કાંટો સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ૨૯ લાખના કોકેઈન સાથે અન્ય મુદ્દામાલ કબજે કરી બન્ને સામે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં પીએસઆઈ એલ. એન.વાઢિયા સહિતના જોડાયા હતા. સ્થાનિકે ગાંધીધામમાં માલ ખરીદનાર કોણ હતો તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

# પૂર્વ કચ્છની હાઈવે હોટલોમાં ડ્રગ્સનો વેપલો ફરી એકવાર બેનકાબ

**રાપરના માનગઢ પાટીયે આવેલી હોટલ સમરાથલ રામદેવ હોટલમાં પોશડોડા પકડાયો**

રાપર : કચ્છમાં ઉદ્યોગોના કારણે ટ્રાન્સપોર્ટ વાહનોનું પરિવહન વધ્યું છે. જેના કારણે હાઈવે હોટલો દિવસ - રાત ધમધમતી હોય છે. જો કે છેલ્લા કેટલાક સમયથી ભોજનની આડમાં હાઈવે હોટલોમાં દેશી - વિદેશી દારૂ અને ડ્રગ્સનો વેપલો વધ્યો છે. અગાઉ પણ હાઈવે હોટલોમાં ડ્રગ્સ પકડાઈ ચુક્યું છે ત્યારે હવે માનગઢ પાટીયે આવેલી હોટલમાં પોશડોડાનો પાવડર પકડાયો હતો.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ગાગોદર પોલીસ દ્વારા માનગઢ પાટીયા પાસે આવેલી હોટલ સમરાથલ રામદેવ હોટલમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં રાજસ્થાનના બાડમેરનો સુરેશકુમાર ભાગીરથરામ બિશ્નોઈ હાજર મળી આવ્યો હતો. તેના કબજામાંથી ૧૭૪.૦૪ ગ્રામ પોશડોડાનો પાવડર મળ્યો હતો. આ સાથે મોબાઈલ, લાઈટ બીલ, વીઝીટીંગ કાર્ડ વગેરે મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તપાસ કરતા બાડમેરના રમેશ દેવાશી પાસેથી માલ લીધો હોવાનું સામે આવ્યું હતું. છેલ્લા કેટલા સમયથી અહીં ડ્રગ્સનો વેપલો થતો હતો તે સહિતની દિશામાં તપાસ કરવા માટે ગાગોદર પોલીસે એનડીપીએસનો ગુનો દાખલ કરી આગળની ક્રોસ તપાસ આડેસર પોલીસે હાથ ધરી છે.

# 'જીસ કી થાલી મેં ખાયા ઉસી મેં છેદ કીયા...' ગાંધીધામમાં નોકરે ઘરમાંથી કર્યો હાથફેરો

ગાંધીધામ : શહેરમાં સપનાનગર ખાતે રહેતા અને બગીચા ખાતે નાસ્તાની દુકાન ધરાવતા ધંધાર્થીના ઘરમાંથી ચોરી થઈ હતી. આ બાબતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. બી ડિવિઝન પોલીસના જણાવ્યા પ્રમાણે ફરિયાદી સપનાનગરના વિનોદ હરીરામ ચૌહાણે જણાવ્યું કે, તેઓ વિનોદ ફાસ્ટ ફુડ નામથી નાસ્તાની દુકાન ધરાવે છે. આરોપી યુપીના સુનીલ સુખરાજ ચૌહાણને નોકર તરીકે કામ પર રાખ્યો હતો. તે છેલ્લા છ મહિનાથી કામ કરતો હતો અને ફરિયાદીના મકાનમાં રહેતો હતો. ગત છ જાન્યુઆરીના ઘરે કોઈ હાજર ન હતું ત્યારે આ સુનીલે ઘરમાંથી રોકડા રૂા. ૧.૧૦ લાખની ચોરી કરી હતી. જેથી બી ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# હવે કચ્છના બાલવાટિકાના છાત્રોને પણ મળશે ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ

**ઘરથી સ્કૂલ વચ્ચેનું અંતર ૧ કિ.મી. કરતા વધુ હોવાના કિસ્સામાં છાત્રને લેવા - મુકવા આવશે વાહન : કચ્છના ૪૫૦ ભૂલકાઓને રાજ્ય સરકારની ભેટ**

ભુજ : રાજ્યમાં જૂન-૨૦૨૫થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી બાલવાટિકાના કચ્છમાં ૪૫૦ સહિત રાજ્યના ૪૪ હજાર વિદ્યાર્થીને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ મળશે. ઘરથી સ્કૂલ વચ્ચેનું અંતર એક કિ.મી. કરતા વધુ હોવાના કિસ્સામાં વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ મળશે. આ માટે સ્કૂલો શરૂ થાય તે પહેલા જ દરેક જિલ્લામાંથી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા માટેની દરખાસ્ત મગાવી લેવામાં આવી હતી, જેની ચકાસણી કર્યા બાદ મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરાશે. જેથી સ્કૂલ શરૂ થયાના પ્રથમ દિવસથી જ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ મળી રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકારના બજેટમાં ૨૦૨૫-૨૬માં નવી બાબત તરીકે બાલવાટિકાના બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવાની મંજૂરી આપવામાં આવેલી છે. જેથી નવા શૈક્ષણિક વર્ષથી બાલવાટિકાના બાળકો પણ ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ લઈ શકશે. આ માટે સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી દ્વારા રાજ્યના તમામ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખીને બાલવાટિકાના બાળકોની વિગતો મગાવી હતી. ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરતા પહેલા સ્કૂલ મેનેજમેન્ટ કમિટીનો ઠરાવ કરી તેમાં નક્કી કરેલા વાહન તેમજ માલિકની વિગતો દર્શાવવાની રહેશે. આરસી બુક, લાઈસન્સ, ગાડીના વિમાની ઝેરોક્ષ, પોલીસ વેરિફિકેશન તેમજ રૂપિયા ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર બાંહેધરીપત્રક ફરજિયાત શાળા કક્ષાએ રાખવાનું રહેશે. ટ્રાન્સપોર્ટ સુવિધા માટે ડ્રાઈવર પાસે એન્ડ્રોઈડ ફોન ફરજિયાત હોવો જરૂરી છે. વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમમાં થયેલી ઓનલાઈન એન્ટ્રી મુજબ ચૂકવણું કરવાનું રહેશે. ટ્રાન્સપોર્ટેશનમાં આરટીઓની ગાઈડલાઈન મુજબ નિયમોનુસાર વિદ્યાર્થીઓને બેસાડવાના રહેશે. વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત શાળા કક્ષાએ હોવું જોઈએ. ટ્રાન્સપોર્ટ માટેનું વાહન ૪૦ કિ.મી. થી વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં. ટ્રાન્સપોર્ટેશનમાં દરેક વાહન બે ફેરા કરી શકશે, તેનાથી વધારે ફેરા કરી શકશે નહીં.

ટ્રાન્સપોર્ટેશનના દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી, ફાયર સેફ્ટીની બોટલ ફરજિયાત પણે હોવી જોઈએ. શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે. દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજિયાત રખાય તેની સૂચનાનું પાલન થયેલું છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે. તાલુકા કક્ષાએથી ટ્રાન્સપોર્ટેશનના વાહનોનું રેન્ડમલી ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. આમ, વાહનોની તમામ બાબતોની ચકાસણી કર્યા બાદ જ તેનો ઉપયોગ ટ્રાન્સપોર્ટેશન વાહન તરીકે કરવાનું રહેશે તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.


વિરા ગામે શ્રી હરસિદ્ધી માતાજીના નૂતન મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવે હરખના તેડાં

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી શિતલા માતાય નમઃ || || શ્રી શિવ પરિવાર || || શ્રી હરસિદ્ધી માતાય નમઃ || || શ્રી ભૈરવદેવ દાદા || || જય શ્રી કૃષ્ણ ||



શ્રી હરસિદ્ધી માતાજી
શિવ પરિવાર શિતલા માં તેમજ ભૈરવદેવ
નૂતન મંદિર જીર્ણોદ્ધાર એવં ત્રિ-દિવસીય
પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
|| જાહેર આમંત્રણ ||

યજ્ઞ પ્રારંભ : વૈશાખ સુદ-૧, સોમવાર, તા. ૨૮/૪/૨૦૨૫ યજ્ઞ પુર્ણાહુતિ : વૈશાખ સુદ-૩, બુધવાર, તા. ૩૦/૪/૨૦૨૫
પાવન સ્થળ : શ્રી હરસિદ્ધી ધામ, ગામઃ વિરા, તા. અંજાર (કચ્છ)

સહર્ષ જણાવવાનું કે, પરામ્બા પરમેશ્વરી શ્રી હરસિદ્ધી માતાજી તથા રાધાકૃષ્ણ ભગવાનની અસીમ કૃપાથી ગામ વિરા મધ્યે શ્રી હરસિદ્ધી માતાજી, શિવ પરિવાર તેમજ શીતલા માતાજી અને ભૈરવ દેવતા નૂતન મંદિર જીર્ણોદ્ધાર એવં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સર્વ ધર્મપ્રેમી ભક્તોને યજ્ઞ દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

:: યજ્ઞના આચાર્ય ::
શ્રી જગદીશ મહારાજ (સંઘડવાળા) શ્રી જોગણીનાર તીર્થગોર

:: દિપ પ્રાગટ્ય ::
લઘુ મહંતશ્રી ભરતડાડા ગુરૂશ્રી દેવજીડાડા ભારાપર જાગીરના વરદ હસ્તે
શ્રી સુંદરગીરી સેજગીરી ગોસ્વામી શ્રી જોગણીનાર મંદિર પૂજારી ટ્રસ્ટ પરિવારના પ્રમુખશ્રી, વીરા

:: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન પ્રસંગો ::

:: પાવનકારી પ્રથમ દિવસ ::
વૈશાખ સુદ-૧, સોમવાર, તા. ૨૮/૦૪/૨૦૨૫
ગણપતિ પૂજન, પંચાગ કર્મ, પ્રદક્ષિણા પૂર્વ મંડપ પ્રવેશ, પ્રધાન પીઠ દેવતા આવાહન, પંચભૂ સંસ્કાર અગ્નિ સ્થાપન, ગ્રહ હોમ, સાયં પૂજન, આરતી, થાળ

::: મંગલકારી દ્વિતીય દિવસ : :
વૈશાખ સુદ-૨, મંગળવાર, તા. ૨૯/૦૪/૨૦૨૫
વેદઘોષ, સ્થાપિત દેવ પૂજન, કુટીરહોમ, કૌતુક બંધન, જલયાત્રા, જલાધિવાસ, પ્રધાન દેવતા હોમ, પ્રસાદ વાસ્તુ, દિક્ષુહોમ, સ્નપન, શાંતિ પૌષ્ટિક હોમ, મહાન્યાસ, અંજનશલાકા, સાયં પૂજન, આરતી, થાળ, પ્રસાદ... સાંજે ૭.૩૦ કલાકે ધાન્યાધિવાસ - દર્ભાધિવાસ, ફલાધિવાસ

:: તારણહાર તૃતિય દિવસ ::
વૈશાખ સુદ-૩, બુધવાર, તા. ૩૦/૦૪/૨૦૨૫
વેદઘોષ, દેવ પ્રબોધન પૂજન, સ્થાપિત દેવતા પ્રાતઃ પૂજન, સ્થાપિત દેવતા હોમ, મૂર્તિ સ્થિરીકરણ. મૂર્તિ પ્રાણઃ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા, હોમ, અઘોરમંત્ર હોમ, ઉત્તરતંત્ર, પૂર્ણાહુતિ, આરતી, થાળ, પ્રસાદ...

:: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન પ્રસંગે અન્ય કાર્યક્રમો ::

:: ભવ્ય સંતવાણી :: સોમવાર, તા. ૨૮/૦૪/૨૦૨૫, રાત્રે ૧૦.૦૦ કલાકે રાજભા ગઢવી (સાહિત્યકાર) બિરજુ બારોટ (ભજનિક)
:: રાસ તેમજ સંતવાણી :: મંગળવાર, તા. ૨૯/૦૪/૨૦૨૫, રાત્રે ૯.૦૦ કલાકે વિરાની પ્રખ્યાત રાસમંડળી સંતવાણી રાત્રે ૧૦.૦૦ કલાકે : સ્થાનિક કલાકારો
:: ભવ્ય રાસ ગરબાઃ: બુધવાર, તા. ૩૦/૦૪/૨૦૨૫, બપોરે ૩.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી રશ્મિતાબેન રબારી (લોકગાયીકા)

મહોત્સવનું લાઈવ પ્રસારણ : GTPL ચેનલ નં. 100, KDS STUDIO - YouTube Live

મંદિરના દાતા મુખ્ય યજમાનશ્રી : શ્રી પ્રણવભાઈ નરશીભાઈ અગ્રવાલ (ગાંધીધામ)

:: નિમંત્રક ::
શ્રી હરસિદ્ધી માતાજી પૂજારી - પરિવાર, શ્રી માધવગીરી ગૌરીગીરી ગોસ્વામી તથા સમસ્ત વિરા ગ્રામજનો તેમજ સેવકગણના જય માતાજી
શુભ સ્થળ : શ્રી હરસિદ્ધી ધામ, ગામ : વિરા, તા. અંજાર (કચ્છ)